પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ • અંક : ૧૮૨ • કુલ પાના : ૪ • તારીખ : ૨૮-૦૩-૨૦૨૪ ગુરુવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# અરવિંદ કેજરીવાલને મુખ્યમંત્રી પદેથી હટાવવા માટે દિલ્હી હાઈકાર્ટમાં જનહિતની અરજી દાખલ,આજે સુનાવણી થશે

## ઈડી કસ્ટડીમાં અરવિંદ કેજરીવાલની તબિયત બગડી, સુગર લેવલ ઘટીને ૪૬ થઈ ગયું.

નવીદિલ્હી,

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને પદ પરથી હટાવવા માટે એક જનહિતની અરજી દાખલ કરવામાં આવી છે તેને લઇ દિલ્હી હાઇકાર્ટ કેજરીવાલને દિલ્હીના મુખ્યમંત્રીના પદેથી હટાવવાની જનહિત અરજી પર આવતીકાલે સુનાવણી કરશે.આ મામલો કાર્યકારી મુખ્ય ન્યાયમૂર્તિ મનમોહનની અધ્યક્ષતાવાળી બેંચ સમક્ષ યાદીબધ્ધ કરવામાં આવી છે



એ યાદ રહે કે દિલ્હી લિકર પોલિસી કેસમાં ધરપકડ કરાયેલા અરવિંદ કેજરીવાલની જામીન અરજી પર દિલ્હી હાઈકોર્ટમાં ઈડીએ કેજરીવાલની જામીન અરજીનો વિરોધ કર્યો હતો. અરવિંદ કેજરીવાલે બુધવારે દિલ્હી હાઈકોર્ટને વિનંતી કરી હતી કે તેઓ તેમને ઈડીની કસ્ટડીમાંથી તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપે. કેજરીવાલે દલીલ કરી હતી કે ચૂંટણી સમયે તેમની ધરપકડ બંધારણના મૂળભૂત માળખા છે. જો ધરપકડ ગેરકાયદેસર હોય તો કસ્ટડીમાં વિતાવેલો એક કલાક પણ ઘણો લાંબો છે. અરવિંદ કેજરીવાલે દિલ્હી હાઈકોર્ટમાં કહ્યું કે તેમની ધરપકડ જયચંદના નિવેદનના આધારે કરવામાં આવી છે, જે સરકારી સાક્ષી બની ચૂક્યા છે. બુધવારે દિલ્હી હાઈકોર્ટ સમક્ષ આને હાઈલાઈટ કરતાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે દિલ્હી એક્સાઈઝ ડ્યુટી પોલિસી કેસ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં તેમની ધરપકડ આરોપી વ્યક્તિઓના નિવેદનના આધારે કરવામાં આવી હતી જેઓ પાછળથી સરકારી સાક્ષી બન્યા હતા. જ્યારે તેની સામે અન્ય કોઈ પુરાવા નહોતા. કેજરીવાલના વકીલ સિનિયર એડવોકેટ અભિષેક મનુ સિંઘવીએ આવા સરકારી સાક્ષીઓની સરખામણી મધ્યકાલીન રાજા 'જયચંદ' સાથે કરી હતી. જેમણે વિદેશી આક્રમણકારો સાથે જોડાણ કરીને ભારતીય શાસકો સાથે વિશ્વાસઘાત કર્યો હોવાનું કહેવાય છે.'બાર એન્ડ બેન્ચ'ના એક અહેવાલ મુજબ, સિંઘવીએ કહ્યું, 'આવા લોકોને સરકારી સાક્ષી કહેવામાં આવે છે... આપણા ઈતિહાસમાં, સારા હેતુઓ માટે કે ખરાબ હેતુઓ માટે, અદાલતોએ જયચંદ અને ટ્રોજન હોર્સ જેવા રૂઢિપ્રયોગો સાથે વ્યવહાર કર્યો છે. ઈતિહાસ આ જયચંદ અને ટ્રોજન હોર્સને ખૂબ જ કઠોરતાથી જુએ છે. તેણે દગો આપ્યો છે.' તેણે કહ્યું કે 'સરકારી સાક્ષી સૌથી અવિશ્વસનીય મિત્ર છે. સિંઘવીએ આ ટિપ્પણીની વિગતો આપતા કહ્યું કે કેજરીવાલની ધરપકડ એવા લોકોના નિવેદનોના આધારે કરવામાં આવી હતી જેમની અગાઉ આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં સરકારી સાક્ષીઓ ફેરવ્યા બાદ તેમને જામીન આપવામાં આવ્યા હતા.

વરિષ્ઠ વકીલ સિંઘવીએ આરોપ લગાવ્યો કે 'આરોપીનું નિવેદન નોંધો. એ પગલામાં મારી વિરુદ્ધ કંઈ નથી. આગળનું પગલું એ વ્યક્તિની ધરપકડ કરવાનું છે. તે જેલમાં પીડાય છે અને પછી જામીન માટે અરજી કરવી પડે છે. આગળના પગલા માટે, એએસજીએ કોર્ટને કહ્યું કે ઈડીને જામીન સામે કોઈ વિરોધ નથી. કારણ આપવામાં આવ્યું છે કે ધરપકડ કરાયેલ વ્યક્તિને કમરમાં દુખાવો છે. આગળનું પગલું એ છે કે તે બહાર આવે છે અને મારી વિરુદ્ધ નિવેદન આપે છે. આ પછી તે સરકારી સાક્ષી બને છે. દારૂની નીતિને લઈને દરેક કિસ્સામાં આવું બન્યું છે. બંધારણીય સુરક્ષાને નષ્ટ કરવા માટે આ આઘાતજનક છે.સઘવીએ કહ્યું કે આવા કોઈ નિવેદનની પુષ્ટિ થઈ નથી. આ સંદર્ભમાં સિંઘવીએ રાઘવ મગુંતાના પિતા અને સરથ ચંદ્ર રેડ્ડીના બે લોકોના નિવેદનો પર પણ પ્રકાશ ફેંક્યો. રાઘવ મગુંતા અંગે સિંઘવીએ કહ્યું કે, 'તેમને ટોર્ચર કરવામાં આવે છે. પિતા નિવેદન આપે છે અને પુત્રને જામીન મળે છે. આવા નિવેદનોનો અર્થ શું છે?' સરથચંદ્ર રેડ્ડીના સંદર્ભમાં તેમણે કહ્યું કે, 'એવા બે નિવેદનો છે જે મારા વિરુદ્ધ નથી. ધરપકડ બાદ હવે નિવેદન આવ્યું છે. આ નવ નિવેદનોમાં તે મારી વિરુદ્ધ નથી. આ નવ નિવેદનો ફરિયાદ પક્ષની છ ફરિયાદોમાં નથી. અઢાર મહિના પછી તે ફરી મારા વિરુદ્ધ નિવેદન આપે છે. પછી મારા વિરુદ્ધના તેમના નિવેદનના નવ દિવસ પછી, તેમને તબીબી આધાર પર જામીન મળે છે અને વીસ દિવસ પછી તેમને માફ કરવામાં આવે છે.આમ આદમી પાર્ટી (આપ) ના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલે તેમની ધરપકડ અને ત્યારબાદ ઈડી કસ્ટડીમાં ટ્રાન્સફરને પગલે તેમની તાત્કાલિક મુક્તિની માંગ કરી છે. ઈડીએ તેની ૨૧ માર્ચે ધરપકડ કરી હતી

## પોલીસ દળ અને નક્સલવાદીઓ વચ્ચેની અથડામણમાં નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત ૬ ઠાર

બીજાપુર,

છત્તીસગઢના બીજાપુર જિલ્લાના ચિપુરભટ્ટી-પુસબાકા નજીકના જંગલ વિસ્તારમાં બુધવારે સવારે સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અથડામણમાં પોલીસે નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા હતા. ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ અને હથિયારો મળી આવ્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે. મામલો બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારનો છે.



ઈનપુટના આધારે, હોળીના દિવસે બાસાગુડા પુસબાકા રોડ પર કુહાડી વડે ત્રણ ગ્રામજનોની હત્યા કરવામાં આવ્યા બાદ, ડીઆરજી, સીઆરપીએફ અને કોબ્રા જવાનોની સંયુક્ત પાર્ટી સર્ચ ઓપરેશન પર નીકળી હતી. દરમિયાન, બુધવારે સવારે બાસાગુડા પોલીસ સ્ટેશન વિસ્તારના ચિપ્પુરભટ્ટી પાસે તાલપેરુ નદીના કિનારે પોલીસ અને નક્સલવાદીઓની પ્લાટૂન નંબર ૧૦ વચ્ચે ભીષણ અથડામણ થઈ હતી. આ એક્રાઉન્ટરમાં જવાનોએ નક્સલવાદી ડેપ્યુટી કમાન્ડર સહિત છ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સૈનિકોએ ઘટના સ્થળેથી નક્સલવાદીઓના મૃતદેહ સાથે હથિયારો પણ જપ્ત કર્યા છે. માર્યા ગયેલા નક્સલવાદીઓમાં એક મહિલા નક્સલવાદીનો પણ સમાવેશ થાય છે. અહીં એસપી જિતેન્દ્ર કુમાર યાદવ, સીઆરપીએફ અને કોબ્રા અધિકારીઓ ઓપરેશન પર નજર રાખી રહ્યા છે. વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે.સૂત્રોના જણાવ્યા અનુસાર માર્યા ગયેલા નક્સલવાદીઓમાં નક્સલ પ્લાટૂન નંબર ૧૦ના ડેપ્યુટી કમાન્ડર નાગેશ અને તેની પત્ની સોનીનો સમાવેશ થાય છે. હથિયારોમાંથી બે પિસ્તોલ અને બે લોડેડ ગન મળી આવ્યાના સમાચાર છે. આ મામલે રાજ્યના ડેપ્યુટી સીએમ વિજય શર્માએ જણાવ્યું કે ૬ નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા છે. હોળીના દિવસે બાસાગુડા પુસબાકા રોડ પર ત્રણ ગ્રામજનોની કુહાડી વડે હત્યા કરવામાં આવી હોવાના સમાચાર મળતાં જ પોલીસની ટીમ શોધખોળમાં લાગી ગઈ હતી. આ દરમિયાન એક્રાઉન્ટર થયું હતું. જેમાં પોલીસને મોટી સફળતા મળી છે.

## જમ્મુ-કાશ્મીરનો હવાલો જમ્મુ કાશ્મીર પોલીસને સોંપવાની યોજના

નવીદિલ્હી,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મોટું નિવેદન આપ્યું છે. કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાંથી સશસ્ત્રદળ (વિશેષ અધિકાર) કાયદો અફસ્પાને પાછો ખેંચવા વિચાર કરશે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ દૂર કર્યા પછી મોદી સરકારનું આ મોટું પગલું હોઈ શકે છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે સરકારની યોજના જમ્મુ-કાશ્મીરથી સેનાને પાછી બોલાવવાની છે.મોદી સરકારની યોજના જમ્મુ-કાશ્મીરનો કાયદો-વ્યવસ્થા સંભાળવા જમ્મુ-કાશ્મીર પોલીસ પર છોડવાનો છે. પ્રથમવાર બન્યું છે કે કેન્દ્રીય ગૃહમંત્રીએ ભારતીય સેનાના પાછી બોલાવવાની વાત કરી છે.ચર્ચાઈ રહ્યું છે કે મોદી સરકારની આ યોજના આર્ટિકલ ૩૭૦ દૂર કર્યા બાદ સુધારો આવ્યા બાદનું પરિણામ છે. કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં વિકાસ પરિયોજનાઓમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવ્યું છે. રસ્તાઓ, પુલ, વીજળી, અને અન્ય પ્રાથમિક જરૂરિયાતોમાં સુધારો જોવા મળ્યો છે. જેના પરિણામે સ્થાનિકોને રોજગારીની તકો પ્રાપ્ત થઈ છે.

શાહે જણાવ્યું કે, "અમારી યોજના ભારતીય સેનાને પાછી બોલાવવાની અને કાયદો વ્યવસ્થા જમ્મુ-કાશ્મીર પોલીસને હવાલે કરવાનો છે. અગાઉ જમ્મુ-કાશ્મીર પોલીસ પર ભરોસો કરી શકાતો નહોતો પણ હવે તેઓ આ અભિયાનનું નેતૃત્વ કરી રહ્યા છે." વિવાદાસ્પદ આફસ્પા કાયદા પર અમિત શાહે કહ્યું કે, "અમે અફસ્પા હટાવવા પર વિચાર મંત્રણા કરીશું." અફસ્પા કાયદો અશાંત ક્ષેત્રોમાં સક્રિય સશસ્ત્રદળના કર્મીઓને જાહેર વ્યવસ્થા જાળવવા તેમજ જરૂર પડે તો શોધ, ધરપકડ અને ગોળીબાર કરવાની વિશિષ્ટ શક્તિઓ પ્રદાન કરે છે. અમિતશાહે અગાઉ પણ કહ્યું હતું કે પૂર્વોત્તર રાજ્યોમાં ૭૦ ટકા આફસ્પા હટાવી દેવાયું છે. જોકે, જમ્મુ-કાશ્મીરમાં હજુ પણ લાગૂ છે. જમ્મુ-કાશ્મીર અને પૂર્વોત્તર રાજ્યોના વિભિન્ન સંગઠનો અને વ્યક્તિઓએ અફસ્પા દૂર કરવાની માગ કરી છે.

## રાજ્યમાં વધ્યો ગરમીનો પ્રકોપ, ત્રણ શહેરમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર

અમદાવાદ,

રાજ્યમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. રાજ્યના ત્રણ શહેરોમાં તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે. અમદાવાદ સહિત રાજ્યભરના મોટાભાગના શહેરમાં બે દિવસમાં બેથી ત્રણ ડિગ્રી ગરમીનો પારો ઉંચકાતા ગરમીનો પ્રકોપ વધ્યો છે.અમદાવાદ સહિત ૧૦ શહેરમાં મહતમ તાપમાનનો પારો ૩૯ ડિગ્રીને પાર નોંધાયો. ભુજ, રાજકોટ અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને પાર પહોંચી ગયું છે.

અમદાવાદની વાત કરવામાં આવે તો તાપમાનમાં ૨ ડિગ્રીનો વધારો થયો હતો. જ્યારે ભુજમાં બે જ દિવસમાં તાપમાનનો પારો ૪.૮ ડિગ્રી ઉંચકાયો છે. અમદાવાદમાં મહતમ તાપમાન ૩૯.૯ ડિગ્રી નોંધાયું હતું. આ સિવાય ડીસાનું ૪૦.૧, ગાંધીનગરનું ૩૯.૪ ડિગ્રી, વડોદરામાં ૩૯.૪ ડિગ્રી, ભુજમાં ૪૧.૬ ડિગ્રી, કંડલા એરપોર્ટમાં ૩૯ ડિગ્રી, અમરેલીમાં ૪૦.૪ ડિગ્રી, રાજકોટમાં ૪૧.૧ ડિગ્રી અને સુરેન્દ્રનગરનું મહતમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાયું હતું.

ઉનાળાની શરૂઆતમાં જ અમદાવાદમાં પાણીજન્ય રોગચાળાના કેસમાં વધારો થયો હતો. ચાલુ વર્ષે ૨૪ માર્ચ સુધીમાં ઝાડા-ઉલ્ટીના ૫૬૨ કેસ નોંધાયા હતા. ગત વર્ષે આજ સમયગાળા દરમિયાન ઝાડા-ઉલ્ટીના ૫૦૪ કેસ નોંધાયા હતાં. ગત વર્ષની તુલનાએ ચાલુ વર્ષે ૫૮ કેસ વધ્યા છે. માર્ચ મહિનો પૂર્ણ થવાને હજુ સપ્તાહનો સમય બાકી છે ત્યારે ઝાડા-ઉલટીના ૫૬૨, કમળાના ૮૫, ટાઈફોઈડના ૨૦૪ અને કોલેરાના ૪ કેસ નોંધાયા હતા.આ ઉપરાંત રામોલ, અમરાઈવાડી, ઈન્દ્રપુરી અને લાંભામાં કોલેરાના એક- એક કેસ નોંધાયા હતા. આ તરફ શહેરમાં સ્વાઈન ફલૂ, શરદી, ખાંસી અને વાયરલ ફિવરના કેસો વધી રહ્યા છે. ૨૪ માર્ચ સુધીમાં અમદાવાદમાં સ્વાઈન ફલૂના ૧૭૩ કેસ નોંધાયા હતા. જ્યારે સાદા મેલેરિયાના ૯, ડેન્ગ્યૂના ૧૫, ફાલ્સિપેરમ અને ચિકનગુનિયાનો એક- એક કેસ નોંધાયો હતો. શહેરમાં સરકારી અને એએમસી સંચાલિત હોસ્પિટલમાં ઓપીડીમાં પાણીજન્ય રોગચાળાનો ભોગ બનનાર દર્દીઓની કતારો લાગી છે.

## અયોધ્યાના રામ મંદિર પરિસરમાં પીએસી જવાનને ગોળી વાગી



અયોધ્યા

અયોધ્યા રામ મંદિરમાં રોજ હજારો ભક્તો દર્શન કરવા માટે હોય છે. જેમની સુરક્ષા માટે અહીં મોટી સંખ્યામાં સુરક્ષા જવાનો પણ તહેનાત હોય છે. જો કે તાજેતરમાં જ રામ મંદિરના પરિસરમાં ફરજ બજાવતા એક પીએસી જવાનને ગોળી વાગવાની ઘટના સામે આવી છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત પીએસી જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી.

ઈજાગ્રસ્ત સૈનિકને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં તેની હાલત ગંભીર જણાતા તેને લખનૌ ટ્રોમા સેન્ટરમાં રિફર કરવામાં આવ્યો છે. અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ સંકુલમાં તૈનાત પીએસી જવાનને શંકાસ્પદ સંજોગોમાં ગોળી વાગી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ૩૨ બટાલિયન પીએસીના કમાન્ડો પોતાના હથિયાર છદ્ધ-૪૭ સાફ કરી રહ્યા હતા. તે જ સમયે ભૂલથી એક ગોળી નીકળી હતી, જે પીએસી જવાનની છાતીમાંથી નીકળી ગઈ હતી.

ઘટનાની માહિતી મળતા જ ઘટનાસ્થળે પહોંચેલા અયોધ્યા રેન્જૈંટ પ્રવીણ કુમારે જણાવ્યું કે, ફાયરિંગ કરાયેલી ગોળી આકસ્મિક રીતે જવાનની છાતીમાંથી પસાર થઈ હતી. જોકે એ સ્પષ્ટ નથી થયું કે ગોળી જવાનના હથિયારમાંથી ચલાવવામાં આવી હતી કે અન્ય કોઈ સાથીદારના હથિયારમાંથી. આ અંગે તપાસ કરવામાં આવી રહી છે.પ્રાથમિક રીતે મળેલી માહિતી અનુસાર પીએસી જવાનનું નામ રામ પ્રસાદ (૫૩) છે. તેઓ શ્રી રામ જન્મભૂમિ સંકુલની સુરક્ષામાં તહેનાત હતા. મંગળવારે સાંજે અચાનક તેને ગોળી વાગી હતી. છાતીમાં ગોળી વાગ્યા બાદ તેમના સાથીદારોએ જવાન રામ પ્રસાદને ઉતાવળમાં ડિવિઝનલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા, પરંતુ તેમની સ્થિતિ ગંભીર જોઈને ડૉક્ટરોએ રામ પ્રસાદને લાઈફ સપોર્ટ સિસ્ટમ સાથે લખનૌ ટ્રોમા સેન્ટરમાં રીફર કર્યા હતા.

ઈજાગ્રસ્ત કમાન્ડો રામ પ્રસાદ અમેઠીનો રહેવાસી છે, જ્યારે તેનો પરિવાર લખનૌમાં રહે છે. તે ૩૨મી કોર્પ્સ પીએસીમાં પોસ્ટેડ હતા. હાલમાં તેને ગોળી કેવી રીતે વાગી તેની ચોક્કસ માહિતી ઉપલબ્ધ નથી. હાલમાં માહિતી મળ્યા બાદ આઈજી અયોધ્યા રેન્જ પ્રવીણ કુમાર,એસએસપી અયોધ્યા સહિત તમામ પોલીસ અધિકારીઓ પહોંચી ગયા હતા. પોલીસ અધિકારીઓ સાથી સૈનિકોની પૂછપરછ કરી રહ્યા છે.

અયોધ્યા રેન્જના આઈજી પ્રવીણ કુમારે જણાવ્યું કે ફાયરિંગ કરાયેલી ગોળી આકસ્મિક રીતે જવાનની છાતીમાંથી પસાર થઈ હતી. ઘાયલ સૈનિકને ગંભીર હાલતમાં લખનૌ ટ્રોમા સેન્ટરમાં રીફર કરવામાં આવ્યો છે. સૈનિકની સાથે સ્થળ પર તહેનાત અન્ય સૈનિકોની પૂછપરછ કરવામાં આવી રહી છે. હજુ સુધી એ જાણી શકાયું નથી કે સૈનિકે પોતે ગોળી ચલાવી હતી કે અન્ય કોઈ સાથીદારે ગોળી ચલાવી હતી. તપાસ બાદ જ સ્થિતિ સ્પષ્ટ થશે.

## અમેરિકાએ ચીન પર સાઈબર જાસૂસી અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો



વોશિંગ્ટન,

અમેરિકાએ ચીનની સરકાર પર વ્યાપક સાયબર જાસૂસી અભિયાન ચલાવવાનો આરોપ લગાવ્યો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે કહ્યું કે ચીનની સાયબર જાસૂસીથી વૈશ્વિક સ્તરે લાખો લોકો પ્રભાવિત થયા છે. એડવાન્સ્ડ પર્સિસ્ટન્ટ થ્રેટ ૩૧ નામનું હેકિંગ જૂથ ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલય સાથે સંકળાયેલું છે. ન્યુઝીલેન્ડે ૨૦૨૧ માં દૂષિત સાયબર હુમલા માટે રાજ્ય-પ્રાયોજિત ચાઈનીઝ હેકર્સને દોષી ઠેરવ્યા છે. સુરક્ષા સેવા મંત્રી જુડિથ કોલિન્સે સંવેદનશીલ સરકારી માહિતીને સાયબર ધમકીઓથી સુરક્ષિત રાખવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

સાયબર હુમલાના લક્ષ્યાંકમાં બેઈજિંગની ટીકા કરનારા ધારાશાસ્ત્રીઓ, શિક્ષણવિદો, પત્રકારો અને સરકારી અધિકારીઓ તેમજ સંરક્ષણ કોન્ટ્રાક્ટરો અને સ્ટીલ, ઊર્જા અને વસ્ત્રો જેવા ક્ષેત્રોની વિવિધ કંપનીઓનો સમાવેશ થાય છે. વધુમાં, વરિષ્ઠ અમેરિકી અધિકારીઓ અને ધારાશાસ્ત્રીઓના જીવનસાથીઓ પણ નિશાન બનાવવામાં આવ્યા હોવાનું કહેવાય છે.ડેપ્યુટી યુએસ એટર્ની જનરલ લિસા મોનાકોના જણાવ્યા અનુસાર, હેકિંગ ઓપરેશનનો પ્રાથમિક હેતુ ચીની શાસનના ટીકાકારોને ચૂપ કરવાનો, સરકારી સંસ્થાઓમાં ઘૂસણખોરી કરવાનો અને વેપારના રહસ્યો ચોરી કરવાનો હતો. યુએસ પ્રોસિક્યુટર્સે સાત કથિત ચાઈનીઝ હેકર્સ સામેના આરોપોને અનસીલ કર્યા છે, તેમના પર લાખો અમેરિકનોના વર્ક એકાઉન્ટ્સ, વ્યક્તિગત ઈમેઈલ્સ, ઓનલાઈન સ્ટોરેજ અને ટેલિફોન કૉલ રેકોર્ડ્સ સાથે ચેડા કરવાનો આરોપ મૂક્યો છે.

દરમિયાન, બ્રિટિશ અધિકારીઓએ એપીટી ૩૧ પર ચીનની ટીકા કરતા બ્રિટિશ ધારાશાસ્ત્રીઓને નિશાન બનાવવાનો આરોપ મૂક્યો છે, તેમજ બ્રિટનની ચૂંટણી મોનિટરિંગ સિસ્ટમમાં હેક કરવા માટે જવાબદાર ચીની જાસૂસોના એક અલગ જૂથે બ્રિટનમાં લાખો લોકોના ડેટાને એક્સેસ કરવા માટે ચેડા કર્યા છે. યુકે અને યુએસ બંનેમાં ચીની રાજદ્વારીઓએ આરોપોને પાયાવિહોણા અને દૂષિત ગણાવીને નકારી કાઢ્યા છે. તેમ છતાં, બંને દેશોએ ચીનના રાજ્ય સુરક્ષા મંત્રાલય સાથે જોડાયેલી એક પેઢી પર કથિત રીતે પ્રતિબંધો લાદ્યા છે, જેનો તેઓ દાવો કરે છે કે હેકિંગ પ્રવૃત્તિ માટે અગ્રણી કંપની છે. યુએસ ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે સાયબર જાસૂસી પ્રવૃત્તિઓના જવાબમાં બે ચીની નાગરિકો તેમજ વુહાન ઝિયાઓરુઈઝી સાયન્સ એન્ડ ટેક્નોલોજી પર પ્રતિબંધોની જાહેરાત કરી હતી. એફબીઆઈના ડાયરેક્ટર ક્રિસ્ટોફર રેએ ચીનના પગલાંની નિંદા કરી હતી અને તેમને યુએસ સાયબર સુરક્ષાને નબળી પાડવા અને યુએસ હિતો અને નવીનતાને નિશાન બનાવવાના બેશરમ પ્રયાસો ગણાવ્યા હતા.

## મહારાષ્ટ્રના સાંગલીમાં ડ્રગ ફેક્ટરી પર દરોડા, ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત

મુંબઈ,

મહારાષ્ટ્રના સાંગલીમાં ફરી ડ્રગ રેકેટનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. સાંગલીમાં નિર્જન સ્થળે ડ્રગ ફેક્ટરી પર દરોડા પાડી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંદાજે રૂપિયા ૨૪૫ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું. આ મામલામાં શંકાસ્પદ આરોપીને પકડીને વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.ખેતરમાં મેફેડ્રોન બનાવવામાં આવતું હતું આ કેસમાં છ આરોપી પકડાયા છે આ ગુનામાં સંડોવાયેલો મુખ્ય આરોપી મૂળ સાંગલીના કવઠે મહાંકાળનો છે તે ગત ૧૭ વર્ષથી મુંબઈમાં રહેતો હતો. તે ડ્રગની હેરાફેરી કરતો હોવાની માહિતી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મળી હતી. જેના આધારે તેને પકડવામાં આવ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે એમડી ડ્રગ બનાવવાના નેટવર્કને પ્રકાશમાં લાવીને છ જણની ધરપકડ કરાઈ હતી.

સાંગલીના ઈરળી ગામમાં અત્યંત નિર્જન જગ્યાએ આરોપીઓએ એક રૂમમાં ડ્રગ બનાવવાની ફેક્ટરી સ્થાપી હતી. પોલીસે માહિતીના આધારે અહીં છાપો મારીને સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું. દરમિયાન અંદાજે રૂપિયા ૨૪૫ કરોડની કિંમતનું ૧૨૨.૫ કિલો મેફેડ્રોન મળી આવ્યું હતું.

અગાઉ ગત ફેબ્રુઆરીમાં સાંગલીના કુપવાડામાં દરોડા પાડીને અંદાજે ૩૦૦ કરોડનું મેફેડ્રોન કબજે કરવામાં આવ્યું હતું. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી. પુણેમાં પોલીસે મેફેડ્રોન સાથે ત્રણ આરોપીને પકડતા મોટા ડ્રગ રેકેટની જાણ થઈ હતી. પુણેમાં ગોદામમાં છાપો મારીને મીઠાની ગુણીમાં ભરેલું મેફેડ્રોન જપ્ત કરાયું હતું. ત્યારબાદ દિલ્હી અને સાંગલીમાં કાર્યવાહી કરાઈ હતી. આ ટોળકી ફરિયાદથી વિદેશમાં પણ ડ્રગની દાણચોરી કરતા હતા. આ ઓપરેશન દરમિયાન અંદાજે રૂપિયા ચાર હજાર કરોડનું મેફેડ્રોન મળી આવ્યું હતું.

## ભારતના જીડીપી ગ્રોથના આંકડા પર રઘુરામ રાજને સવાલ ઉઠ્યા

નવીદિલ્હી,

રિઝર્વ બેંકના ભૂતપૂર્વ ગવર્નર રઘુરામ રાજને દેશના અર્થતંત્રના વિકાસ દર પર સવાલો ઉઠાવ્યા છે. તેમણે કહ્યું કે ભારત જીડીપી ગ્રોથ અંગેના હાઈપમાં વિશ્વાસ કરીને મોટી ભૂલ કરી રહ્યું છે. રઘુરામ રાજનના મતે દેશમાં મહત્વપૂર્ણ માળખાકીય સમસ્યાઓ છે જેને ઠીક કરવાની જરૂર છે. ચૂંટણી બાદ નવી સરકાર સામે સૌથી મોટો પડકાર કર્મચારીઓના શિક્ષણ અને કૌશલ્યમાં સુધારો કરવાનો છે.રઘુરામ રાજને કહ્યું- વૃદ્ધિ વાસ્તવિક છે તે સાબિત કરવા માટે આપણે હજુ ઘણા વર્ષો સુધી સખત મહેનત કરવી પડશે. આ એવી વસ્તુ છે જે રાજકારણીઓ ઈચ્છે છે કે તમે માનો. તેઓ ઈચ્છે છે કે તમે માનો કે આપણે વૃદ્ધિ હાંસલ કરી છે. પરંતુ તે ભારત માટે ગંભીર ભૂલ હશે.૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત દેશ બનાવવાના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ધ્યેયને નકારી કાઢતા રઘુરામ રાજને કહ્યું કે જો તમારા બાળકોને ઉચ્ચ શાળાના શિક્ષણની પહોંચ ન હોય અને ડ્રોપ આઉટનો દર ઘણો ઊંચો હોય, તો આ લક્ષ્યોને હાંસલ કરવાનો કોઈ રસ્તો નથી. આ વાત કરવી નકામી છે.ભૂતપૂર્વ ગવર્નરે કહ્યું કે ભારતમાં કર્મચારીઓની સંખ્યા વધી રહી છે, પરંતુ આ ડિવિડન્ડ બધાને આપવામાં આવશે, તેમને રોજગારની સારી તકો મળશે. મને લાગે છે કે આ સંભવિત દુર્ઘટના છે જેનો આપણે સામનો કરીએ છીએ. ભારતે વર્કફોર્સને વધુ રોજગાર યોગ્ય બનાવવાની અને તેની પાસે રહેલા વર્કફોર્સ માટે રોજગારીનું સર્જન કરવાની જરૂર છે. ભારતને સતત ધોરણે ૮ ટકા વૃદ્ધિ દર હાંસલ કરવા માટે ઘણું કામ કરવાની જરૂર છે.

## રશિયાના મોસ્કોમાં ઈમ્લામિ કટ્ટરપંથી બંદૂકધારીઓનો હુમલો: ચાર હુમલોખોરોની ધરપકડ કરવામાં આવી




મોસ્કો,

રશિયાના મોસ્કોમાં થયેલા આતંકવાદી હુમલાને લઈને રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને મોટું નિવેદન આપ્યું છે. તેણે દાવો કર્યો હતો કે ગયા અઠવાડિયે મોસ્કોમાં એક કોન્સર્ટ હોલમાં હુમલો કરનારા બંદૂકધારીઓ 'ઈસ્લામિક કટ્ટરપંથી' હતા. આ હુમલામાં ૧૩૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા હતા. પુતિને સરકારી અધિકારીઓ સાથેની બેઠકમાં કહ્યું કે આ હત્યાઓ ઈસ્લામિક ઉગ્રવાદીઓ દ્વારા કરવામાં આવી છે.

પુતિને ગયા અઠવાડિયે કહ્યું હતું કે યુક્રેનથી ભાગી જવાનો પ્રયાસ કરતી વખતે ચાર હુમલાખોરોની ધરપકડ કરવામાં આવી હતી. રશિયાના રાષ્ટ્રપતિએ સોમવારે પોતાની ટિપ્પણીમાં ફરી એકવાર ઈસ્લામિક સ્ટેટનો ઉલ્લેખ કરવાનું ટાળ્યું હતું.

પુતિને કહ્યું કે 'આતંકવાદીઓએ પોતાનો ગુનો કર્યા પછી યુક્રેન ભાગી જવાની કોશિશ કેમ કરી અને ત્યાં કોણ તેમની રાહ જોઈ રહ્યું હતું તે શોધવું જરૂરી છે.' તમને જણાવી દઈએ કે આઈએસ સહયોગીએ જવાબદારી લીધા બાદ અમેરિકાએ આતંકવાદીઓ પર પ્રતિબંધ લગાવ્યો હતો. સંસ્થાનો દાવો સાચો જાહેર કરાયો હતો. ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું કે ફ્રાંસ પાસે ઉપલબ્ધ ગુપ્ત માહિતી અનુસાર મોસ્કો હુમલા પાછળ આતંકવાદીઓનું જૂથ એ જ સંગઠન છે જે આઈએસઆઈએસ છે.

અગાઉ સોમવારે, ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવએ કોઈને જવાબદાર ઠેરવવાનો ઈનકાર કર્યો હતો અને પત્રકારોને રશિયન એજન્સીઓ દ્વારા તપાસના પરિણામોની રાહ જોવા વિનંતી કરી હતી. તેમણે એવા અહેવાલો પર પણ ટિપ્પણી કરવાનો ઈનકાર કર્યો હતો કે યુએસએ મોસ્કોમાં સત્તાવાળાઓને ૭ માર્ચે સંભવિત આતંકવાદી હુમલા અંગે ચેતવણી આપી હતી. પેસ્કોવે કહ્યું કે આવી ગુપ્ત માહિતી ગોપનીય હોય છે. રશિયન કોન્સર્ટ હોલ પર હુમલાના સંબંધમાં ધરપકડ કરાયેલા ચાર લોકોને રવિવારે મોસ્કોની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા અને આતંકવાદનો આરોપ મૂકવામાં આવ્યો હતો. સુનાવણી દરમિયાન આરોપીઓએ કોર્ટને ઈજાના નિશાન પણ બતાવ્યા હતા. એક વ્યક્તિ માંડ ભાનમાં હતી.

રશિયાના વડા પ્રધાન મિખાઈલ મિશુસ્ટિને જણાવ્યું હતું કે તપાસ હજુ ચાલુ છે પરંતુ તેમણે વચન આપ્યું હતું કે 'ગુનેગારોને સજા કરવામાં આવશે, તેઓ દયાને પાત્ર નથી.' હુમલામાં ૧૩૭ લોકો માર્યા ગયા હતા અને ૧૮૦ થી વધુ ઘાયલ થયા હતા. તેમણે કહ્યું કે ૯૭ લોકો હજુ પણ હોસ્પિટલમાં દાખલ છે. જેની સારવાર ચાલી રહી છે.

# જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરે કલેકટર કચેરી ખાતે ઈએમએમસી કન્ટ્રોલ રૂમ અંતર્ગત માહિતી કેન્દ્રનું ઉદ્દઘાટન કર્યું

નડિયાદ, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ના ઉપલક્ષે જીલ્લા કલેક્ટર કચેરી, નડિયાદ ખાતે ઈલેકટ્રોનિક મીડિયા મોનીટરીંગ કંટ્રોલરૂમ અંતર્ગત બનાવવામાં આવેલ માહિતી કેન્દ્રનું જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અમિત પ્રકાશ યાદવે ઉદ્દઘાટન કર્યું હતું.

ઈલેક્ટ્રોનિક મીડિયા મોનીટરીંગ કંટ્રોલ રૂમ અંતર્ગત શરૂ કરવામાં આવેલ માહિતી કેન્દ્રમાં ખેડા લોકસભાના મતવિસ્તારો, જીલ્લાનાં ચૂંટણી અધિકારીઓની માહિતી, ચૂંટણીલક્ષી ફરિયાદ તથા માહિતી માટેના ટોલ-ફ્રી નંબર, મતદારોની આંકડાકીય માહિતી, વિશિષ્ટ મતદાન મથકો, સહિત ચૂંટણીના અગત્યના અધિકારીઓની યાદી જેવી અગત્યની માહિતીની પ્રદર્શની જીલ્લા માહિતી કચેરી, નડિયાદ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

માહિતી કેન્દ્ર ઉદ્દઘાટન પ્રસંગે જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવે ઈલેક્ટ્રોનિક મીડિયા મોનીટરીંગ કમિટીના કર્મચારીઓને ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ સંબંધિત જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, ચૂંટણી દરમિયાન શાંતિમય વાતાવરણને ડહોળવા માટે ફેક ન્યુઝ મારફતે ખોટા પ્રચાર-પ્રસાર થતા હોય છે. જેથી ચૂંટણી શાંતિમય વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જીલ્લા કલેકટર કચેરી ખાતે ખાસ ઈલેક્ટ્રોનિક મીડિયા મોનીટરીંગ કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. આ કંટ્રોલ રૂમમાં ૩ ટેલિવિઝન સેટ થકી સ્થાનિક ચેનલ અને રાજ્ય લેવલની ન્યુઝ ચેનલમાં ખેડા જીલ્લા તથા ખેડા લોકસભા મતવિસ્તારને લગતા ચૂંટણીલક્ષી સમાચારોનું ખાસ મોનિટરીંગ કરવામાં આવી રહ્યું છે.

આ ઉપરાંત આ ઈએમએમસી કંટ્રોલ રૂમ ખાતે સોશિયલ મીડિયા મોનિટરિંગની પણ ખાસ વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. જેના દ્વારા ચૂંટણી સમય દરમ્યાન ફેક ન્યુઝ, ખોટી માહિતી તથા આચારસંહિતાનું ઉલ્લંઘન કરતી રાજકીય પક્ષોની તથા ઉમેદવારોની પોસ્ટ પર નજર રાખી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે. આમ, ઈલેકટ્રોનિક મીડિયા તથા સોશિયલ મીડિયાના માદયમ દ્વારા ચૂંટણીના વાતાવરણને ડહોળવાનો પ્રયાસ અને આદર્શ આચારસંહિતાનો ભંગ થતો હોય તેવા સમાચારો તથા જાહેર ખબરો પર નજર રાખવાની કામગીરી આ કંટ્રોલ રૂમમાં થઈ રહી છે.આ પ્રસંગે અધિક નિવાસી કલેકટર ભરત જોશી, નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી કુસુમ સુધીર પ્રજાપતિ, નાયબ માહિતી નિયામક નિત્યા ત્રિવેદી સહિત માહિતી કચેરીનો સ્ટાફ, ચુંટણી શાખાના કર્મચારીઓ અને ઈલેકટ્રોનિક મીડિયા મોનીટરીંગ કંટ્રોલરૂમના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# આચારસંહિતાના ઉલ્લંઘનની ફરિયાદોના નિવારણનું અસરકારક માધ્યમ બની c-vigil મોબાઈલ એપ્લિકેશન અને પોર્ટલ

મહીસાગર, દેશભરમાં આયોજીત થનાર લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે નિષ્પક્ષ મતદાન થાય તથા તમામ નાગરિકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે રાજ્ય ચૂંટણીપંચના દિશાનિર્દેશ અનુસાર જીલ્લા ચૂંટણી તંત્ર સુસજ્જછે. મતદારો અને જાગૃત નાગરિકોને વિવિધ એપ્લિકેશન અને વેબ પોર્ટલના માદયમથી અલગ અલગ પ્રકારની સુવિધા આપવામાં આવી રહી છે. જેને અનુસંધાને લોકસભાની ચૂંટણીની જાહેરાત સાથે જ, મહીસાગર જીલ્લામાં આદર્શ આચાર સંહિતા અમલી બની ગઈ છે. જીલ્લા ચૂંટણી અધિકારી નેહા કુમારીના નેતૃત્વમાં આદર્શ આચારસંહિતાનો કડક અમલ થઈ રહ્યો છે. આ સાથે આચારસંહિતાના ભંગને લગતી ફરિયાદો સરળતાથી નોંધાવી શકાય તેમજ તેનો ગણતરીની મિનિટોમાં જ ઉકેલ લાવી શકાય તે માટે, જીલ્લા ચૂંટણી અધિકારીની સૂચના મુજબ, કલેક્ટર કચેરી ખાતે સી-વિજીલ (સિટિઝન વિજીલન્સ) ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૨૭૯૧ અને ૦૨૬૭૪-૨૫૦૦૨૫ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. ઉપરાંત સી-વિજીલ મોબાઈલ એપ પણ ચાલુ કરી દેવામાં આવી છે. આચારસંહિતાની માર્ગદર્શિકા મુજબ આ ફરિયાદનું માત્ર ગણતરીમી મિનિટોમાં જ નિરાકરણ કરવામાં આવે છે.

આ ટોલ ફ્રી નંબર તથા મોબાઈલ એપ ૨૪ કલાક ચાલુ રહે છે અને કોઈ પણ નાગરિક ૨૪ કલાકમાં ગમે ત્યારે આચારસંહિતા ભંગને લગતા કોઈ પણ કિસ્સાની ફરિયાદો તેના પર નોંધાવી શકે છે. આ માટે જીલ્લા કલેક્ટર કચેરીમાં કાર્યરત સી-વિજીલ કંટ્રોલરૂમમાં વિવિધ સ્ટાફ ત્રણ પાળીમાં ૨૪ કલાક ફરજ બજાવે છે..

૧૬મી માર્ચે કેન્દ્રીય ચૂંટણી પંચે ચૂંટણીની જાહેરાત કરી ત્યારથી જ સી-વિજીલ કંટ્રોલરૂમ શરૂ કરી દેવામાં આવ્યો છે. અહીં શરૂ કરાયેલા ટોલ ફ્રી નંબર પર અત્યાર સુધીમાં ૭ ફરિયાદો આવી છે અને એ તમામ પર ગણતરીની મિનિટોમાં જ કાર્યવાહી કરીને ઉકેલ લાવવામાં આવ્યો છે. નાગરિકો આચારસંહિતા ભંગની ફરિયાદ સી-વિજીલ મોબાઈલ એપ પર પણ નોંધાવી શકે છે. આ ફરિયાદ ફોટો, વીડિયો કે ઓડિયો એમ કોઈ પણ સ્વરૂપે નોંધાવી શકાય છે. કુલ મળીને ચાર તબક્કામાં ફરિયાદનું નિવારણ થાય છે. (૧) જ્યારે વ્યક્તિ ફરિયાદ કરે ત્યારે સોફ્ટવેરમાં તેનું લોકેશન ડિટેક્ટ થાય છે અને આ ફરિયાદની નોંધ થાય છે. (૨) આ લોકેશન તેમજ ફરિયાદની વિગતો પાંચ જ મિનિટમાં ફ્લાઈંગ સ્ક્વોડને મોકલી દેવામાં આવે છે. ફ્લાઈંગ સ્ક્વોડ ૧૫ જ મિનિટમાં ત્યાં પહોંચી જાય છે અને બેનર વગેરે દૂર કરવાની કે જરૂરી એકશન લે છે. (૩) એ પછી ૩૦ જ મિનિટમાં ફરિયાદ નિવારણનો રિપોર્ટ રિટર્નિંગ ઓફિસર કે આસિસ્ટન્ટ રિટર્નિંગ ઓફિસરને મોકલવામાં આવે છે. (૪) રિટર્નિંગ ઓફિસર કે આસી. રિટર્નિંગ ઓફિસર ૫૦ મિનિટમાં આ ફરિયાદ કલોઝ કરે છે. મહીસાગર જીલ્લામાં સી-વિજીલના ટોલ ફ્રી નંબર પર અત્યાર સુધીમાં ૭ ફરિયાદો આવી છે, જેનું તત્કાલ નિવારણ કરી દેવામાં આવ્યું છે.

# જીલ્લામાં તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી સંદર્ભે કલેક્ટરના અધ્યક્ષસ્થાને ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટીની બેઠક યોજાઈ

નડિયાદ, જીલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવના અદયક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે તુવેર, ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી સંદર્ભે ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કલેક્ટરએ ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટીની દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી.

કમિટીના સભ્ય સચિવ અને જીલ્લા ખેતીવાડી અધિકારી દિપક રબારીએ આ કમીટીની ભૂમિકા વિશે ઉપસ્થિત સૌને સમજ આપી હતી. જીલ્લા કક્ષાની ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટી જીલ્લામાં ટેકાના ભાવે તુવેર ચણા અને રાયડાની ખરીદી પ્રક્રિયાનું મોનેટરીંગ અને સુચારૂં વ્યવસ્થા જળવાઈ તે માટે કાયદાની વ્યવસ્થા જાળવણી કરે છે.

ખેડા જીલ્લામાં ચણા પાકની અંદર ૬૪૭ અને રાયડા પાકની અંદર ૩૭૯ ખેડૂતોએ નોંધણી કરેલ છે. ચણા ૫૪૪૦ રૂપિયા પ્રતી ક્વિન્ટલ અને રાયડા માટે ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ ભાવે ખરીદી માટેની પ્રક્રિયા ગુજકોમાસોલ દ્વારા એપીએમસી કપડવંજ ખાતે હાથ ધરવામાં આવશે.આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ લેવલ મોનિટરિંગ કમિટીમાં સભ્ય તરીકે જીલ્લા વિકાસ અધિકારી એસ.ડી વસાવા, નિવાસી અધિક કલેક્ટર ભરત જોષી, જીલ્લા પુરવઠા અધિકારી અને નાયબ માહિતી નિયામક સહિત ડિસ્ટ્રીક્ટ લેવલ મોનિટરીંગ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# વિરપુરના રણજીતપુરા કંપા ગામે ધુળેટીના દિવસે તળાવમાં પગ લપસી જતાં શ્રમિક પરિવારજન કિશોરનુ મોત

વિરપુર, મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ખરાડ ગામના રણજીતપુરા કંપાની સીમના તળાવમાં ધુળેટીના દિવસે શ્રમિક પરિવારના કિશોરનુ ડુબી જવાથી મોત નીપજ્યું હતુ. ધુળેટીના દિવસે ખરોડ ગ્રામ પંચાયતમાં આવેલા રણજીતપુરા કંપાના તળાવમાં પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના ત્રિકમપુરા ગામનો શ્રમિક પરિવારનો નિતીન સુરેશભાઈ નાયક(ઉ.વ.૧૪)અન્ય કિશોરો સાથે ખેત તળાવ પાસે હાથ-પગ ધોવા ગયા હતા. તે દરમિયાન નિતીનનો પગ લપસી જતાં તળાવના ઉંડા પાણીમાં ગરકાવ થયો હતો. જેની જાણ પરિવાર સહિત સ્થાનિકોને થતાં લોકોના ટોળા ઘટના સ્થળે ઉમટી પડ્યા હતા. બનાવ અંગે વિરપુર પોલીસને જાણ કરાતા પોલીસનો કાફલો ઘટના સ્થળે ધસી ગયો હતો. તેમજ સ્થાનિક તરવૈયાઓની મદદથી બે કલાકની ભારે જહેમત બાદ લાપતા કિશોરનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહને બહાર કાઢી પી.એમ.માટે વિરપુરની સરકારી હોસ્પિટલ મોકલી કાર્યવાહી હાથ ધરી હતી.

# ખાનપુર તાલુકાના ગામમાં વિધવાને ઘરમાં બંધક બનાવી બળાત્કાર ગુજારતા નરાધમને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપ્યો

બાકોર, મહિસાગર જિલ્લાના ખાનપુર તાલુકાના એક ગામમાં ચાર સંતાનોની માતા એવી વિધવા મહિલાના ઘરમાં ઘુસી જઈ નરાધરે બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના બનવા પામી છે. પોલીસે ફરાર થઈ ગયેલા નરાધમને ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો હતો.

ખાનપુર તાલુકાના એક ગામમાં રહેતી મહિલાના પતિનુ થોડા સમય પહેલા અવસાન થયુ હતુ. ત્યારબાદ તે તેના ચાર સંતાનો સાથે એકલવાયુ જીવન જીવે છે. મહિલા ઘરમાં એકલી હતી ત્યારે ગામમાં રહેતો જયંતિ બામણીયા નામનો શખ્સ ઘરમાં ઘસી આવ્યો હતો તેમજ મહિલાને બંધક બનાવી દઈ બળાત્કાર ગુજાર્યો હતો. ત્યારબાદ તે મહિલાને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મહિલાએ નજીકના પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગણતરીના કલાકોમાં જ જયંતિ બામણીયાને ઝડપી પાડી તેની સામે ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. ઉલ્લેખનિય છે કે,નરાધમ જયંતિ બામણીયા સામે અગાઉ પણ દુષ્કર્મના ગુના નોંધાયેલા છે. તેમજ હાલ તે પાસામાં ધરપકડ બાદ છુટીને પરત આવ્યો છે. ત્યારે આવા ગુનાખોરીવૃત્તિ ધરાવતા શખ્સ સામે કડક પગલા લેવાની માંગ ઉચ્ચારાઈ છે.

# cVIGIL એપ દ્વારા આદર્શ આચાર સંહિતાના ચુસ્ત અમલીકરણમાં નાગરિકો પણ યોગદાન આપી શકશે

નડિયાદ, ચૂંટણી પંચ દ્વારા તા. ૧૬ માર્ચ ૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની તારીખો જાહેર થતા જ સમગ્ર દેશમાં આદર્શ આચારસંહિતા અમલમાં આવી ગઈ છે. લોકસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ ખેડા જીલ્લામાં પણ આચાર સંહિતનો ચુસ્તપણે અમલ થાય તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી અમિત પ્રકાશ યાદવના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી છે. ત્યારે આદર્શ આચાર સંહિતાના અમલીકરણમાં ખેડા જીલ્લાના નાગરિકો પણ cVIGIL એપ દ્વારા પોતાનો ફાળો આપે તેવી જીલ્લા ચૂંટણી શાખાની અપીલ છે.cVIGIL એપ વિશે cVIGIL એ નાગરિકો માટે ચૂંટણીના સમયગાળા દરમિયાન આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનની ફરિયાદ કરવા માટેની એક ઓનલાઈન એપ્લિકેશન છે. દેશમાં ચૂંટણીનો પર્વ મુક્ત અને નિષ્પક્ષ વાતાવરણમાં ઉજવાય તે માટે એક Vigilant Citizen એટલે કે એક જાગૃત નાગરિકની ભૂમિકા ભજવવા માટે cVIGIL એપ મદદરૂપ બને છે. કેમેરા, સારૂં ઈન્ટરનેટ કનેકશન અને GPS એકસેસની સુવિધાથી સજ્જ સ્માર્ટફોન ધરાવતી કોઈ પણ વ્યક્તિ આ એપ ડાઉનલોડ કરી શકે છે. આ એપ દ્વારા નાગરિકો આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન થયા અંગેની ફરિયાદ ચૂંટણી અધિકારીની કચેરી પર ગયા વગર તાત્કાલિક જે-તે સ્થળેથી કરી શકે છે.

**cVIGILએપ પર ફરિયાદ કેવી રીતે નોંધવી.....**

cVIGIL એપ ઓપન કરી, આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન જ્યાં થયું છે. તેનો ફોટો અથવા વીડિયો અથવા ઓડિયો પોતાના ફોનમાં કેપ્ચર કરી તેનું સંક્ષિપ્તામાં વર્ણન કરી અપલોડ કરી શકાશે. ફરિયાદ નોંધાવવા માટે નાગરિકે તેમનું જીપીએસ શેર કરવાનું થશે. સમગ્ર ફરિયાદલક્ષી માહિતી સંપૂર્ણ પણે ગોપનીય રહે છે. ફરિયાદ કરનાર નાગિરીકનું નામ કે નંબર જેવી અંગત માહિતી એપ દ્વારા શેર કરવામાં આવતી નથી.

**cVIGILએપ પર ફરિયાદ નોંધાવ્યા બાદની પ્રક્રિયા...**

જ્યારે કોઈ નાગરિક cVIGILએપ પર આદર્શ આચાર સંહિતાના ઉલ્લંઘનની ફરિયાદ દાખલ કરે છે, ત્યારે તે ફરિયાદ તપાસ માટે સંબંધિત ફિલ્ડ યુનિટને મોકલવામાં આવે છે. આ ફરિયાદનો એક યુનિક આઈ.ડી. એટલે કે cVIGIL ID જનરેટ થાય છે. cVIGILએપ પર Status સેક્શનમાં આ cVIGIL ID દ્વારા નાગરિક પોતાની ફરિયાદનું સ્ટેટસ પણ ટ્રેક કરી શકે છે.

# બાલાસિનોરમાં કોગ્રેસને મોટો ઝટકો લાગ્યો



બાલાસીનોર, લોકસભાની ચૂંટણી પહેલા કોગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ભાજપ અને કોગ્રેસ ચૂંટણીને લઈને ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે. થોડા દિવસ અગાઉ ગુંથલી તાલુકા પંચાયત સીટના અને ફેલસાણી ગ્રામ પંચાયતના ૮૦ જેટલા યુવાનો ભાજપમાં જોડાયા હતા અને આજે મહીસાગર જીલ્લાના બાલાસિનોર નગરના વોર્ડ નં.૭ ઈન્દીરાનગરમાં રહેતા એન.એસ.યુ.આઈ. ડીસ્ટ્રીક કો ઓડીનેટર સહિત કોગ્રેસના ૬૦ જેટલા યુવા કાર્યકરોએ ભાજપનો કેસરીયો કરી લેતા લોકસભાની ચૂંટણી પહેલા રાજકીય ગરમાવો વ્યાપી જવા પામ્યો છે.ભાલાસિનોરના કિર્તિ કોમ્પ્લેક્ષમાં આવેલ પૂર્વ ધારાસભ્ય અને વડોદરા જીલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ પાઠકના જનંપર્ક કાર્યાલય ખાતે એન.એસ.યુ.આઈ. ડીસ્ટ્રીક કો ઓડીનેટરસ્નેહલ બી.માસ્ટર (પીન્ટુ) રોહિત વાઘેલા, પારધી એરોન, અશોક વાઘેલા સહિત ૬૦ જેટલા બાલાસિનોર નગરના ઈન્દીરા નગરમાં રહેતા યુવાનો એ વડોદરા જીલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ પાઠક, હશેર પ્રમુખ સુભાષભાઈ પટેલ, મહામંત્રી જયકુમાર ત્રીવેદી, હિતેશ પટેલ, ઉપપ્રમુખ શીતલભાઈ પટેલની હાજરીમાં કોગ્રેસના યુવા કાર્યકરોએ ભાજપનો કેસરીયો ખેસ ધારણકરી ભાજપમાં જોડાયા છે જયારે ભાજપે આ યુવાનોને આવકાર આપયો હતો. ઉલલેખનીય છે કે, થોડાક દિવસો અગાઉ સલિયાવડી દરવાજા ખાતે લોકસભાના ઉમેદવાર રાજપાલસિંહ જાદવની જાહેર સભામાં ગુંથલી તાલુકા પંચાયત સીટના અને ફેલસાણી ગ્રામ પંચાયતના ૮૦ જેટલા યુવાનો ભાજપમાં જોડાયા હતા અને હેવે બાલાસિનોર નગરના વોર્ડ નં. ૭ના કોગ્રેસના યુવા કાર્યકરોએ ભાજપનો કેસરીયો ખેસ ધારણ કરી ભાજપમાં જોડાતા લોકસભાની ચૂંટણી પહેલા રાજકિય માહોલ ગરમાયો છે.

# ખાનપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ભાતીગળ અને પ્રસિદ્ધ ચાડિયા પર્વની ઉજવણીનો પ્રારંભ

લુણાવાડા, ભારતીય રીત રિવાજ મુજબ ખાનપુર તાલુકામાં ચાડિયા પર્વની ઉજવણી ભાઈચારો અને શોર્યની મહેક ફેલાવતી આજે પણ તેની વાસ્તવિક અનુભુતિ સમગ્ર તાલુકાના અને તેની આજુબાજુના ગામડાઓમાં થઈ રહી છે.ગ્રામ્ય વિસ્તારોમાં ઢોલ ત્રાંસા અને શરણાઈના સૂરો ગામઠી લોકગીત અને લોકનૃત્ય સાથે લોકોએ હોળીનું પર્વ મનાવ્યું હતું. હોળીના પર્વ જેટલું મહત્વ અને પુરક ગણાતું ચાડિયા પર્વ અહીંના લોકોમાં અનેરો ઉત્સાહ અને ભાઈચારો તેમજ શુરવીરતાના પ્રતિક સમું છે. આ તહેવાર અમાસ સુધી વિવિધ ગામડાઓમાં ક્રમશઃ ઉજવાય છે.જે ઉજવણી દરમિયાન મેળાની અનુભુતિ, નૃત્ય તેમજ ગામઠી ફાગગીતો સાથે વાતાવરણ અનેરૂ આકર્ષણ જમાવે છે. ઢોલ ત્રાંસા અને શરણાઈના સૂરો વચ્ચે ફાગગીતોની રમઝટ બોલાવાય છે.અંદાજે ત્રીસ ફૂટ ઉંચાઈ ધરાવતો લીસા ચાર ફૂટના અંતરે સીધી લીટીમા ત્રણ સ્તંભ ઊભા કરી તેના શિખરે ત્રણ સ્તંભને જોડતો મંચ બનાવી લાકડામાંથી તૈયાર કરાયેલા ચાડિયાનુ પુતળું ગોઠવવામાં આવે છે.યુવાવર્ગ આ સ્તંભ સર કરી ચાડિયા સુધી પહોંચવા મરણીયો પ્રયાસ કરે છે.દરમિયાન ઉપસ્થિત યુવતીઓ યુવાનો ને નાકામયાબ બનાવવા સોટીઓનો વરસાદ વરસાવે છે.બીજી તરફ ઢોલ નગારાનો ગગનભેદી અવાજ અને લોકોની કિકિયારીઓ યુવાનોને જોમ જુસ્સો પુરો પાડે છે.કસોટીમાથી કોઈ એક શુરવીર સમય સુચકતાથી ઉંચાઈએ મંચ ઉપર મુકેલા ચાડિયાને બંધનમાંથી મુકત કરી નીચે ચાડિયા સાથે ઉતરી દોટ મૂકી નજીકના જળાશયમાં પધરાવી તેનું વિસર્જન કરે છે.આમ ચાડિયા પર્વ ની ઉજવણી કરવામાં આવે છે.

# મોહબ્બત વાલે કા દુરૂદ શરીફ નબી ખુદ સુનતે હૈ

હુઝુર અકરમ સલલ્લાહો અલય હે વઆલેહિ વસલ્લમસે પૂછના ગયા કે આપ કે નજદીક આપ સે દુર રેહનેવાલે ઔર બાદ મું આને વાલો કે દુરૂદ કા કયા હાલ હૈ ? તો ફરમાયા કે હમ મોહબ્બત વાલો કે દુરૂદ કે ખુદ સનતે હે ઔર ઉનકો પહોંચાતે હૈ (દલાઈલુ લ ખૈરાત)

(હવાલા અલ અશફ મંથલી માંથી)

ચાંદ-૧૭

ખતમે શહેરી ૫-૧૦

વકતે ઈફતાર ૬-૫૨

નોંધ : સદર ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લાના પુરતો છે.

# જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા ગુજરાત નશાબંધી અધિનિયમ,૧૯૪૯ની કલમ-૧૪૨ હેઠળ જાહેરનામુ બહાર પડાયું

મહીસાગર, મહીસાગર જીલ્લામા લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ દરમ્યાન સમગ્ર મહીસાગર જીલ્લાના મતદારોને આદર્શ લોકશાહીની પ્રતિતી કરાવે તેવી શાંત, સ્વચ્છ અને નિષ્પક્ષ ચૂંટણી યોજાય તેવું વાતાવરણ સર્જવા, ચૂંટણી દરમ્યાન નશીલા પદાર્થેના ઉપયોગની અસર અને જાહેર જીવનને પરેશાન કરે તેવી શક્યતા નિવારવા, કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા તેમજ જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે દારૂ અને નશાયુક્ત પદાર્થેનું વેચાણ કે પીરસવાનું અટકાવવા કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ નેહા કુમારી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. મહીસાગર જીલ્લાના વિસ્તારમાં આવેલ દારૂ અને નશાયુક્ત પદાર્થેના વેચાણ માટેના પરવાના ધરાવનારાઓએ મહીસાગર જીલ્લાના વિસ્તારમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પુરી થાય ત્યાં સુધી દારૂ અને નશાયુક્ત પદાર્થેનું વેચાણ સ્થળ/દુકાન/ રેસ્ટોરન્ટન્ટ/ કલબ કે અન્ય કોઈપણ સ્થળ કે જ્યાં દારૂ અને નશાયુક્ત પદાર્થેનું વેચાણ થતુ હોય તેવા સ્થળો બંધ રાખવા તથા અત્રેના જીલ્લાના તાલુકાઓની સરહદ/ સીમા પાડોશી રાજ્ય સાથે જોડાયેલ છે. સદર સરહદીય ગામોમાંથી તથા કડાણા ડેમના જળ માર્ગેથી દારૂની હેરફેર અત્રેના જીલ્લામાં થવાની શક્યતા નકારી શકાય તેમ નથી જેથી અત્રેના જીલ્લાના સરહદી વિસ્તારના ગામોમાં દારૂની હેરફેર/વેચાણ પર પ્રતિબંધ લાદવામાં આવે છે. હુકમનો ભંગ/ ઉલ્લંઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ની કલમ-૬૮ તથા ૯૦ ની જોગવાઈ મુજબ તેમજ લોકપ્રતિનિધિત્વ (સુધારા) અધિનિયમ-૧૯૯૬ દવારા દાખલ કરવામાં આવેલ લોકપ્રતિનિધિત્વ-૧૯૫૧ ની કલમ-૧૩૫(સી) મુજબ કેદ અથવા દંડ અથવા બન્ને શિક્ષાને પાત્ર થશે.

# આપની આજ.......

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિની સંભાવના રહેલી છે. ગ્રહોમાં ફેરફારના કારણે સ્વભાવમાં થોડું ચિડિયાપણું આવી શકે છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય. સંતાન સુખમાં વૃદ્ધિ થશે અને ક્યાંકથી વસ્ત્રાદીની ભેટ મળશે.

મિથુન:આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે. સંપત્તિના સુધાર તથા સારસંભાળમાં ખર્ચ વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે. કોઈ વડીલ તરફથી આશિર્વાદમાં ધનની પ્રાપ્તિ થઈ શકે છે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે. ક્રોધથી બચો, ક્યાંક જીવનસાથી સાથે વૈચારિક મતભેદો ઊભા ન થાય.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કોઈ ગેરસમજના કારણે ઓફિસમાં સહયોગીઓ સાથે વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે. વાતચીતમાં સંયમ રહે અને સમજીને વાતો કરો. કોઈ સંપત્તિને લઈને પરિવારમાં વિવાદની સ્થિતિ ઊભી થઈ શકે છે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે. બૌદ્ધિક કાર્યો તથા લેખન વગેરેથી પણ આવક થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે. અકસ્માતે બિનજરૂરી ખર્ચ વધી શકે છે. જો તમે નોકરીમાં છો તો અધિકારીઓનો સહયોગ મળશે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે. ખાસ મિત્રોના સહયોગથી વ્યવસાયના નવા સ્ત્રોત બનશે. આવક વધશે,

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, કીર્તિની વૃદ્ધિ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, સફળતાની પ્રાપ્તિ, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિદ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશિર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે. ઘણા સમયથી રોકાયેલું ધન કોઈ મહાપુરૂષના સહયોગથી પ્રાપ્ત થઈ જશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તિનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે. રહેણી-કરણી અને ખાન-પાનનું સ્તર વધશે. નવા સુંદર વસ્ત્રો પ્રત્યેત તમારું ખેંચાણ વધશે.

# દાહોદ જીલ્લાના સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લેતા જીલ્લા ચુંટણી અધિકારી



દાહોદ,

આગામી યોજાનારી લોકસભા સામન્ય ચૂંટણીના જીલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડે એ અને જીલ્લા પોલીસવડા ડો. રાજદીપસિંહ ઝાલાએ દાહોદ જીલ્લાના દાહોદ તાલુકાના સંવેદનશીલ મતદાન મથકોની મુલાકાત લીધી હતી અને ત્યાં મતદારો તથા ચૂંટણીકર્મીઓ માટે કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. જો કે, કેટલીક શાળાઓમાં સ્વચ્છતાનો અભાવ જણાતા સફાઈ કરવા સહિતની બાબતો અંગે જીલ્લા ચુંટણી અધિકારી એ સૂચના આપી હતી. અહીં જીલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડે દ્વારા મતદારો માટે ઉભી કરવામાં આવનારી સુવિધાની જાણકારી મેળવી હતી. આ ઉપરાંત, પોલિંગ સ્ટાફ માટે ઉતારા, રાતવાસો, સહિતની સુવિધા અંગેની તૈયારીઓની જાત માહિતી મેળવી હતી. અહીં મતદાન કેન્દ્રોમાં સફાઈ બાબતે જીલ્લા ચુંટણી અધિકારી એ સૂચના આપી હતી.મતદાનના દિવસે નાગરિકોને સ્વચ્છ માહોલ મળે એ જરૂરી છે, એ બાબતની તેમણે શિક્ષકોને સમજ આપી હતી. જીલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા એ જણાવ્યુંકે પોલીસકર્મીઓ સાથે સઘન પોલીસ બંદોબસ્ત કરવામાં આવ્યો છે. તેમના દ્વારા ફૂટ માર્ચ, રૂટ માર્ચ, નાઈટ પેટ્રોલીંગ સહિત રાઉન્ડ કલોક કામગીરી કરવામાં આવી રહી છે. અતિ સંવેદનશીલ મતદાન મથકોએ ચૂંટણી આયોગની માર્ગદર્શિકા મુજબ વિડિયોગ્રાફી સહિતની ચુસ્ત પોલીસ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે ચૂંટણીમાં કોઈ પણ પ્રકારનો અનિચ્છનીય બનાવ ન બને એ માટે અધિકારીઓ દ્વારા ગામોની મુલાકાત લેવામાં આવી રહી છે. ફૂટ માર્ચ, રૂટ માર્ચ, નાઈટ પેટ્રોલીગ કરવામાં આવી રહ્યું છે. તેમણે સ્પષ્ટ જણાવ્યું કે, લોકસભા સામાન્ય ચૂંટણીમાં કાયદો વ્યવસ્થાને હાથમાં લેનાર વિરૂદ્ધ પાસા સહિતના કડક કાયદાકીય પગલા લેવાશે. અગાઉની ચૂંટણીઓમાં પણ તંત્ર દ્વારા આવા કડક પગલા ભરવામાં આવ્યા છે. આ મુલાકાત દરમિયાન નાયબ જીલ્લા ચુંટણી અધિકારી હેતલબેન, દાહોદ પ્રાંત અધિકારી નીલાંજસા રાજપૂત, નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક જે.પી.ભંડારી, દાહોદ મામલતદાર મનોજ મિશ્રા, પોલીસ ઈન્સ્પેકટર દીગવીજય પઢિયાર, સહિત નાયબ મામલતદારો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં ઈજનેરી કોલેજ ખાતે પ્રિસાઈડિંગ અધિકારીઓ તેમજ માઈક્રો ઓબ્ઝર્વરની તાલીમ યોજાઈ



દાહોદ,

લોકસભા સામાન્ય ચુંટણી ૨૦૨૪ ને ધ્યાને રાખી પોલિંગ બુથ પર નિમણુંક કરવામાં આવેલ દાહોદ જીલ્લાના તમામ પ્રિસાઈડિંગ અધિકારીઓને તેઓની ફરજ દરમ્યાન કરવામા આવનાર કામગીરી અંગેની પ્રાથમિક જાણકારી મળી રહે તે હેતુથી દાહોદની ઈજનેરી કોલેજ ખાતે પ્રિસાઈડિંગ અધિકારીઓની તાલીમ યોજવામા આવી હતી.

દાહોદ જીલ્લાના તમામ તાલુકાઓના પ્રિસાઈડિંગ અધિકારીઓને ચુંટણી કામગીરી દરમ્યાન સોંપવામાં આવેલી કામગીરીમાં કોઈપણ પ્રકારની સમસ્યા કે પ્રશ્ન હોય તેમજ મુળ જવાબદારીથી તેઓ વધુ માહિતગાર થાય એ હેતુથી દાહોદમાં ઈજનેરી કોલેજ ખાતે પ્રિસાઈડિંગ અધિકારીઓની તાલીમ યોજવામા આવી હતી. આ તાલીમમા જીલ્લા ચુંટણી અધિકારી યોગેશ નિરગુડેએ તમામ તાલુકાના પ્રિસાઈડિંગ અધિકારીઓ સાથે વર્ચ્યુઅલ ઉપસ્થિત રહીને ચુંટણીની કામગીરીની ગંભીરતા સમજાવતા કહ્યુ હતુ કે, ચુંટણી દરમ્યાન પ્રિસાઈડિંગ અધિકારીઓ એ મહત્વનો રોલ ભજવવાનો હોય છે, પ્રિસાઈડિંગ અધિકારીઓની કામગીરી સૌથી મહત્વની હોય છે. જેમાં કોઈપણ પ્રકારની ભુલ ન થાય તેની તકેદારી ખાસ રાખવાની હોય છે. ચુંટણી દરમ્યાન જો ક્યારેક કોઈ ભુલ થઈ જણાય તો તેની જાણ તૈયારીમા કરવી ખુબ જ જરૂરી છે.જો કોઈને નાનામા નાનો પણ કોઈ પ્રશ્ન કે સમસ્યા હોય તો સેક્ટર ઓફિસર જોડે મળીને તેનો ઉકેલ તાત્કાલિક પણે લાવી દેવો જરૂરી છે. એ માટે વહીવટી તંત્ર તમારી પડખે છે. આ બાબતે દરેક ઓફિસરે પોતાની જવાબદારીની જાણ હોય તે અગત્યનુ છે. તેમજ અહિથી આપવામા આવેલ પેમ્ફલેટ તેમજ પ્રિસાઈન્ડીંગ અધિકારીની પુસ્તિકા જેવા મટીરિયલ્સનુ ધ્યાનથી વાંચન કરવુ જોઈએ. ઉપરાંત તેમણે ઉમેર્યુ હતુ કે, ઈ સી આઈ ની વેબ સાઈટ પરથી મોટાભાગની જાણકારી મળી રહેશે. ઈવીએમની જવાબદારી સાથે સાવચેતી પણ એટલી જરૂરી છે. આ સાથે તેમણે જણાવ્યું હતું કે, ચુંટણી એ રાષ્ટ્રીય તહેવાર છે, તેને પોતાની જવાબદારી સમજીને ઉત્સાહપુર્વક અને એકબીજાના સંકલનમાં રહીને કામગીરી કરવાથી તે સરળ બની જાય છે. એમ જણાવતા તેમણે પોલિંગ સ્ટેશન પર પ્રાથમિક સુવિધાઓ અંગેની સમગ્રતયા તૈયારી અંગેની સમીક્ષા કરી હતી. એ સાથે ચુંટણી અધિકારી યોગેશ નિરગુડે દ્વારા ચુંટણી કામગીરીમા હજી પણ થોડો વધુ સુધારો લાવવા સહિત કોઈપણ પ્રકારની કચાસ રહી ન જાય તેની તકેદારી રાખવા જરૂરી સુચના આપવામા આવી હતી. આ તાલીમ દરમ્યાન નાયબ ચુંટણી અધિકારી હેતલબેન, દાહોદ પ્રાંત અધિકારી નીલાંજસા રાજપૂત, મામલતદાર મનોજ મિશ્રા, નાયબ મામલતદાર઼ઓ સહિત મોટી સંખ્યામા પ્રિસાઈન્ડીંગ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુવા મતદારોમાં મતદાન એ ફરજનો ભાવ અને જુસ્સો ઊભો થાય તે માટે જીલ્લા ચૂંટણી તંત્ર કાર્યરત : જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર



દાહોદ,

દેશમાં લોકસભાની સામાન્ય ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે. ગુજરાત સહિત દેશમાં આદર્શ આચારસંહિતાના અમલીકરણ સાથે સ્વીપ (SVEEP) પ્રવૃત્તિઓ અંતર્ગત મતદાન જાગૃતિ માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. દાહોદ જીલ્લાના વિવિધસ્થળોએ લોકોમાં અને વિદ્યાર્થીઓને મતદાન અંગે જાગૃત કરીને લોકશાહીના પર્વમાં સહભાગી બનાવવા વધુને વધુ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ની દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારી વ જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ જીલ્લા વહીવટીતંત્ર દ્વારા પુરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. લોકશાહીના આ અવસરમાં વધુમાં વધુ લોકો સહભાગી બને તે માટે અનેક પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. આ લોકશાહીના ઉત્સવમાં જનજનને જોડી લોકશાહી મજબૂત બને તે માટે અનેકવિધ જનજાગૃતિના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. લોકશાહીમાં નાગરિકોની તેમજ યુવાનોની સાર્વત્રિક અને પ્રબુદ્ધ ભાગીદારી માટે સ્વીપ કાર્યક્રમ થકી દરેક નાગરિકને મતદાર તરીકે નોંધણી કરાવવા અને ચૂંટણી અંગે માહિતગાર કરી નૈતિક રીતે પોતાનો મત આપવા માટે જાગૃત, સક્ષમ અને સશક્ત કરવામાં આવે છે. તે અંતર્ગત દાહોદમાં યોજાયેલ મતદાન જાગૃતિ રેલીને ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડે દ્વારા લીલી ઝંડી આપવામાં આવી હતી. શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન ગુર્જર ભારતી દ્વારા સંચાલિત ગુર્જર ભારતી દાહોદ તથા અનુસૂચિત જાતિ વિકાસ પરિષદ દાહોદના સંયુક્ત ઉપક્રમે એન એસ એસ એકમ દ્વારા દાહોદ શહેર વિસ્તારમાં લોકો તેમજ વિદ્યાર્થીઓમા મતદાન અંગે જાગૃતતા આવે અને તેઓ સુધી અચૂક મતદાન કરવાનો સંદેશો પહોંચાડવા ચૂંટણીને લગતા સૂત્રો તેમજ પોસ્ટર્સ સાથે મતદાર જાગૃતિ રેલી કાઢવામાં આવી હતી. આ રેલીમાં ગુર્જર ભારતી દ્વારા સંચાલિત કોલેજોના મોટાભાગના વિદ્યાર્થીઓ જોડાયા હતા. રેલી દરમ્યાન અવશ્ય મતદાન કરીએ એ સૂત્ર સાથે ઉપસ્થિત સહુએ ૧૦૦ ટકા મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.સ્વીપ કાર્યક્રમોનો ઉદ્દેશ દાહોદ જીલ્લામાં યુવા મતદારો અને નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવવાનો અને મતદાન જાગૃતિ ફેલાવીને વધુમાં વધુ મતદાન થાય તે માટે પ્રયત્ન કરવાનો છે. યુવા મતદારોમાં મતદાન અંગેની પોતાની ફરજનો ભાવ અને જુસ્સો ઊભો થાય તે માટે જીલ્લા ચૂંટણી તંત્ર સતત કાર્યરત છે.

# ગરબાડાના સાહડા ગામે ઈક્કો એમ્બ્યુલન્સના ચાલકે વાહન પુરઝડપે હંકારતા ગાડીમાં સવાર પાંચ વ્યકિતને ઈજાઓ

દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના સાહડા ગામે એક ઈક્કો એમ્બ્યુલંશ ગાડીના ચાલકે પોતાના કબજાની એમ્બ્યુલંશ ગાડી પુરઝડપે હંકારી લાવતાં ગાડીમાં સવાર પાંચ વ્યક્તિઓને શરીરે, હાથે તેમજ પગના ભાગે ઈજાઓ થયાનું જાણવા મળે છે.

ગત તા.૨૪મી માર્ચના રોજ ગરબાડા તાલુકાના સાહડા ગામે રહેતો મનમોહન જશવંતભાઈ ઢાક દ્વારા પોતાના કબજાની ઈક્કો એમ્બ્યુલન્સ ગાડી સાહડા ગામેથી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પસાર થઈ રહ્યો હતો. ત્યારે ઈક્કો એમ્બ્યુલન્સ ગાડીની વધુ પડતી ઝડપના કારણે એમ્બ્યુલન્સમાં સવાર સાહડા ગામે રહેતાં વજેસીંગભાઈ દેવાભાઈ રાઠોડનો હાથ અને પગ ફેક્ચર કરી, નિલેશ આનંદસિંહ રાઠોડને પીઠના ભાગે, વ્રજકુમાર દિપક રાઠોડને ખભાના ભાગે, મહેશ મનહરલાલ રાઠોડને ગરદનનાભાઈ, ડાબા પગે તેમજ માધુસીંગ દેવા રાઠોડને કમરના ભાગે, હાથના ભાગે ઈજાઓ પહોંચાડી એમ્બ્યુલંશ ગાડીનો ઉપરોક્ત ચાલક નાસી ગયો હતો.

આ સંબંધે ઈજાગ્રસ્ત વજેસીંગભાઈ દેવાભાઈ રાઠોડે ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદની નેશનલકૃત બેંકોમાં નાણાંની અછત સર્જાતા હાલાકી

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં આવેલી રાષ્ટ્રિયકૃત અને ખાનગી બેંકોમાં છેલ્લા એક સપ્તાહથી કેશ નાણાંની અછત સર્જાતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો.

હાલમાં હોળીનો તહેવર અને લગ્નગાળાની સીઝન હોય ગ્રાહકો પોતાના ખાતામાંથી પૈસા ઉપાડવા જતાં હોય છે. ત્યારે કેશની અછતને લઈ જરૂરિયાત મુજબના નાણાં ન મળતા હાલાકી ભોગવવી પડી રહી છે. તેમજ લીમડી ખાતે આવેલી બેંક ઓફ બરોડા બેંકમાં લોકોને કેશ ન મળવાના કારણે ધકકો ખાવાનો વારો આવ્યો હતો. કેશને લઈને બોલચાલીના બનાવો પણ બન્યા હતા. સ્થાનિક બેંકો દ્વારા રજુઆત કરવા છતાં પણ પુરતા પ્રમાણમાં બેંકોને ઉપલી કક્ષાએથી કેશ મળતી ન હોવાનુ જાણવા મળેલ છે. જેના કારણે હાલ પ્રજાજનોને પોતાના નાણાં માટે વલખા મારવા પડી રહ્યા છે. તેવામાં લોકોને કેશ નાણાંની અગવડતા ન પડે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

# લીમખેડાના ચીલાકોટા ગામે પત્નિના નિકાલમાં થયેલ તકરારમાં તલવારનો ઘા મારી ઈજાઓ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે એક વ્યક્તિની પત્નિનો નિકાલ કરવા બાબતે થયેલ ઝઘડામાં એક ઈસમે એકને તલવારના ઘા ગળાના ભાગે તથા જડબાના ભાગે મારી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધણકી આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે દુધમાળ ફળિયામાં રહેતો પંકેશભાઈ મલાભાઈ મકવાણાએ ગામમાં રહેતાં રાહુલભાઈ મનસુખભાઈ અમલીયારની સાથે ગત તા.૨૫મી માર્ચના રોજ બોલાચાલી કરી ઝઘડો તકરાર કરી કહેલ કે, તુ મારા ભાઈની પત્નિને તારી પત્નિ બનાવવા માટે ભગાડીને લઈ આવેલ છે તેનો નિકાલ પણ તે અમને પુછ્યા વગર કરી નાંખેલ છે, જેથી તને આજે જીવતો ઘરે જવા દેવાનો નથી. તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ પંકેશભાઈએ પોતાના હાથમાની તલવાર રાહુલભાઈના ગળાના ભાગે તેમજ જડબાના ભાગે મારી લોહીલુહાણ કરી નાંખી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે સુમીબેન મનસુખભાઈ અમલીયારે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં ગુર્જર ભારતી દ્વારા મતદાન જાગૃતિ માટે રેલી યોજી



દાહોદ,

ગુર્જર ભારતી દાહોદ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત દાહોદ ખાતે રેલી યોજવામાં આવી. આજરોજ દાહોદ શહેરના સ્વામીવિવેકાનંદ ચોકથી ગુર્જર ભારતી સંસ્થાની કોલેજો તથા માદયમિક શાળાઓના એનએસએસ એકમ દ્વારા મતદાન જાગૃતિ રેલીનું પ્રસ્થાન દાહોદ જીલ્લા કલેક્ટર કરાવ્યું હતું . આ રેલીમાં ગુર્જર ભારતી સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી ગોપાલભાઈ ધાનકા, કોલેજો તથા માદયમિક શાળાના આચાર્યો, કર્મચારીઓ અને મોટીસંખ્યામાં એનએસએસ સ્વયંસેવકોએ મતદાન જાગૃતતા અંગેના સૂત્રોચાર કરી રેલીનું આકર્ષણ જમાવ્યું હતું. મતદાન કરવા અંગે સંકલ્પ પણ રેલીમાં લેવડાવવામાં આવ્યા. નગરપાલિકા ચોક ખાતે મામલતદાર દાહોદ એ રેલીને આવકાર આપ્યો હતો. તેમને પણ મોટીસંખ્યામાં આવેલ એનએસએસ સ્વયંસેવકોને પ્રોત્સાહિત કર્યા હતા. નગરપાલિકા ચોકથી મતદાન જાગૃતિ રેલી ઠક્કરબાપા ચોકડી પર સમાપન કરવામાં આવી હતી.

# દાહોદના મોટીખરજ ગામે જુગાર રમતા ૬ જુગારીયાને ૧૦ હજારની રોકડ સાથે ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના મોટીખરજ ગામે ખુલ્લી જગ્યામાં જાહેરમાં પત્તા-પાના વડે પૈસાથી રમાતા જુગારના અડ્ડા પર પોલીસે ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતા. જેમાં પોલીસે ૦૬ જુગારીઓને ઝડપી પાડી તેમની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા ૧૦,૨૦૦ની રોકડ રકમ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૨૬મી માર્ચના રોજ દાહોદના મોટીખરજ ગામે સંગાડીયા ફળિયામાં ખુલ્લી જગ્યામાં પત્તા-પાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમતો હોવાની બાતમી દાહોદ તાલુકા પોલીસને મળતાંની સાથેજ પોલીસે સ્થળ પર ઓચિંતો છાપો મારતાં જુગારીઓમાં નાસભાગના દ્રશ્યો સર્જાઈ જવા પામ્યાં હતાં. પોલીસે જુગાર રમી રહેલા ભરતભાઈ કશનાભાઈ બારીયા, જીમાલભાઈ રાયસીંગભાઈ ભાભોર, લલીતભાઈ જંગલીયાભાઈ ભાભોર, દિલીપભાઈ જંગલીયાભાઈ ભાભોર, જશુભાઈ લાલાભાઈ ભાભોર અને પિન્ટુ ભાઈ કશનાભાઈ બારીયા (તમામ રહે. મોટીખરજ, તા.જી.દાહોદ) નાઓને ઝડપી પાડી તેઓની અંગ ઝડતી તેમજ દાવ પરથી કુલ રોકડા રૂપીયા૧૦,૨૦૦ની રોકડ રકમ સાથે ઝડપી પાડી તમામ જુગારીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધાં હતાં.

આ સંબંધે દાહોદ તાલુકા પોલીસે જુગાર ધારાની કલમ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ જગ્યાએથી સગીરાના લગ્નના ઈરાદે અપહરણ કરતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લામાં બે જુદી જુદી જગ્યાએ બે સગીરાઓને લગ્નની લાલચ આપી પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ જવાના ત્રણ બનાવો જેતે પોલીસ મથકે નોંધાંવવા પામ્યાં છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ ગરબાડા તાલુકાના ભે ગામે બનવા પામ્યો હતો જેમાં ગરબાડા તાલુકાના ભરસડા ગામે ઝેલા ફળિયામાં રહેતો ઉદેસીંગભાઈ મડુભાઈ કટારાએ ગત તા.૨૮.૧૦.૨૦૨૩ના રોજ ગરબાડા તાલુકામાંથી અને ગત તા.૧૨.૦૧.૨૦૨૪ ના રોજ છોટાઉદેપુર જીલ્લાના ઓડ ગામેથી એમ બે વખત ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી ગયો હતો ત્યારે લાંબા સમયથી સમાજ રાહે નિકાલ ન થતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સગીરાનો અપહરણનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના મોટી સીમલખેડી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૧મી માર્ચના રોજ સંજેલી તાલુકાના હીરોલા ગામે બાંડી ફળિયામાં રહેતો કિરણભાઈ જાલસીંગભાઈ સંગાડાએ ઝાલોદ તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષિય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં નિવાસી અધિક કલેક્ટર તરીકે ચાર્જ સંભાળતા જે.એમ. રાવલ

દાહોદ,

દાહોદનાં નિવાસી અધિક કલેકટર તરીકે જે.એમ.રાવલ એ પદભાર ગ્રહણ કરી લીધો છે. તેઓએ જામનગર, સુરેન્દ્રનગરમાં વિવિધ પદો પર તેમજ જૂનાગઢ અને ઉનામાં પ્રાંત અધિકારી તરીકે, ઓ.એસ.ડી.( જીઆઈડીસી) તેમજ કોમ્પ્યુટન્ટ ઓથોરિટી હેઠળ જીએસપીએલ, ગાંધીનગર ખાતે પોતાની સેવા બજાવી છે. ગુજરાત વહીવટી સેવામાં જોડાનાર રાવલ વિવિધ સ્થળોએ નાયબ કલેક્ટર સહિતના પદો ઉપર પણ સેવા બજાવી છે. સ્વભાવે મિલનસાર અને મિતભાષી રાવલના અનુભવનો લાભ દાહોદ જીલ્લા વહીવટી તંત્રને મળશે.

# ૨૦૧૪ પછી મોદીના નેતૃત્વમાં ત્યાં શાંતિ પુનઃસ્થાપિત થઈ છે,યોગી આદિત્યનાથ

મથુરા

સીએમ યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશના મથુરા પહોંચ્યા હતા. અહીં તેમણે લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. સભાને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યું કે ૨૦૧૪ પહેલા ઉત્તર-પૂર્વમાં આતંકવાદ હતો. જમ્મુ-કાશ્મીરમાં પથ્થરબાજો હતા. ૨૦૧૪ પછી મોદીના નેતૃત્વમાં ત્યાં શાંતિ પુનઃસ્થાપિત થઈ છે. હવે જમ્મુ-કાશ્મીરમાં પથ્થરબાજોથી સૈનિકો ઘાયલ નથી થયા.સીએમ યોગી આદિત્યનાથે ૨૬ મિનિટ સુધી જ્ઞાન સંમેલનને સંબોધિત કર્યું. આ દરમિયાન તેમનું નિશાન કોંગ્રેસ પાર્ટી હતી. યોગી આદિત્યનાથે કહ્યું કે ૨૦૧૪ પહેલા જાતિ અને ધર્મ અનુસાર યોજનાઓ બનાવવામાં આવતી હતી. તેમના લાભ પણ જાતિ અને ધર્મ પ્રમાણે આપવામાં આવતા હતા. મોદી સરકારે જાતિ અને ધર્મને નહીં પરંતુ નાગરિકોના સંતોષને પોતાની જીતનો આધાર બનાવ્યો.કોંગ્રેસ પર ભત્રીજાવાદનો આરોપ લગાવતા તેમણે કહ્યું કે તેમના માટે પરિવાર પ્રથમ છે, જ્યારે નરેન્દ્ર મોદી માટે દેશ પ્રથમ છે. પરિવારના પ્રથમ લોકોના શાસનમાં ભ્રષ્ટાચાર, માફિયા શાસન અને પુષ્ટિનું રાજકારણ હતું. નરેન્દ્ર મોદીના શાસનમાં રામરાજ, સબકા સાથ સબકા વિકાસ, માફિયા શાસનનો અંત લાવવા જેવા કામો થઈ રહ્યા છે.

# કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા સીજે ચાવડાને ટિકિટ આપતા કાર્યકર્તામાં નારાજગી

મહેસાણા,

કોંગ્રેસમાંથી રાજીનામું ધરીને ફરીથી વિધાનસભાની ચૂંટણીમાં ઉતરેલા સીજે ચાવડા સામે રોષ જોવા મળ્યો છે. વિજાપુર વિધાનસભાની બેઠક માટેની પેટા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર તરીકે સીજે ચાવડાને જાહેર કરવામાં આવ્યા છે. આ દરમિયાન હવે સીજે ચાવડા સામે વિરોધના સૂર જોવા મળી રહ્યા છે. સીજે ચાવડાને ટિકિટ આપવાને લઈ કુકરવાડાના પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ ગોવિંદ પટેલે રાજીનામુ ધર્યુ છે.મહેસાણા જિલ્લા પંચાયતના આરોગ્ય સમિતિના ચેરમેન રહી ચૂકેલા ગોવિંદ પટેલે ભાજપમાંથી રાજીનામું ધરીને વિરોધ દર્શાવ્યો છે. ભાજપની વિચારધારા ના હોય એવા લોકોને ઉમેદવાર તરીકે ઉતાર્યાનો રોષ ઠાલવ્યો છે. ગોવિંદ પટેલે મીડિયાને જણાવ્યુ હતુ કે, તેઓએ ખૂબ મનોમંથન કર્યા બાદ આ નિર્ણય કર્યો છે અને હજુ વધુ લોકોના રાજીનામા પડશે એવી આશા વ્યક્ત કરી છે.

# ઝાલોદ કોલેજના આચાર્યનું માર્ગદર્શક વ્યાખ્યાન યોજાયું

ઝાલોદ,

શ્રી કે.આર. દેસાઈ આટ્ર્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ પોલીસ અને પી.એસ.આઈની પરીક્ષા માટે ગઈઈ વિભાગ તરફથી આચાર્ય મધુકર પટેલ, ડો.એ.આર.મોદી દ્વારા માર્ગદર્શન આપતાં વ્યાખ્યાન યોજવામાં આવ્યા. આ વ્યાખ્યાનમાં ડો. બી.એમ.ગોહિલ અને અનિલભાઈ ડામોર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ સમગ્ર પ્રોગ્રામનું સંચાલન લેફ્ટ.ડો અજિતસિંહ પરમારે કર્યું હતું .આ વ્યાખ્યાનમાં NCC,NSS અને કોલેજના અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.182

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# આવશ્યક સેવામાં ફરજ બજાવતા સેવા કર્મીઓ માટે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની પ્રક્રિયા વિશે માહિતગાર કરતા અધિક જીલ્લા કલેક્ટર

ગોધરા,

ભારતના ચુંટણી પંચની સુચનાઓ પરત્વે Absentee VotersonEssential Service આવશ્યક સેવામાં ફરજ બજાવતા અધિકારીઓ/કર્મચારીઓને ટપાલ મતપત્ર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.જેના અનુસંધાને પંચમહાલ નિવાસી અધિક કલેક્ટર એમ.ડી.ચુડાસમાના અધ્યક્ષસ્થાને ગોધરા ખાતે નોડલ અધિકારીઓઓની તાલીમ યોજાઇ હતી. નિવાસી અધિક ક્લેક્ટરએ ઉપસ્થિત તમામ નોડલ અધિકારીઓઓને જણાવ્યું હતું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ને અનુલક્ષીને ચૂંટણી સાથે સંકળાયેલા



આવશ્યક સેવાકર્મીઓ પોતાની ફરજ બજવણી સાથે લોકશાહીના મહાપર્વમાં પોતાની ઉત્સાહભેર ભાગીદારી નોંધાવી શકે તે સુનિશ્ચિત કરવાનું છે. આ સાથે તમામ અધિકારીઓએ પોસ્ટલ બેલટથી મતદાન કરાવવા માટે નિયત ફોર્મ-૧૨(ડી) મેળવવા, નિયત ફોર્મ-૧૨(ડી) ચુંટણી અધિકારીને પહોચાડવા, ટપાલ મતપત્રો ઈશ્યુ કરવાના રહશે. તેમજ PVC(પોસ્ટલ વોટીંગ સેન્ટર)ખાતે મતદાન કરવાની સંપુર્ણ પ્રક્રિયા જેવી તમામ બાબતો વિશે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. નોંધનીય છે કે, આવશ્યક સેવાઓ તરીકે વીજળી વિભાગ, બીએસએનએલ, રેલવે, આરોગ્ય વિભાગ, દૂરદર્શન, ઓલ ઈન્ડિયા રેડિયો, ગુજરાત રાજ્ય પરિવહન નિગમની લાંબા અંતરની બસ સેવાઓ, અગ્નિશમન સેવાઓ, ચૂંટણીના દિવસે કવરેજ માટે ભારતના ચૂંટણી પંચ દ્વારા અધિકૃત કરવામાં આવેલા એક્રેડીટેડ મીડિયાકર્મીઓ, ટ્રાફિક પોલીસ તથા એમ્બ્યુલન્સ સેવાઓને જાહેર કરવામાં આવી છે. આ સેવામાં જોડાયેલા વિવિધ વિભાગના અધિકારી કર્મચારીઓ માટે ટપાલ મતપત્ર દ્વારા મતદાન કરવાની સુવિધા આપવાની જોગવાઈઓ કરવામાં આવેલ છે.પંચમહાલ જીલ્લામાં પોલ ડે દિવસ પહેલાના ત્રણ દિવસ સુધી ટપાલ મતપત્ર ગોધરા ખાતે સ્વીકારવામાં આવશે.આ માટે સબંધિત નોડલ અધિકારીએ પ્રમાણપત્ર સાથેની યાદી ૧૨ એપ્રિલ સુધી જીલ્લા ચૂંટણી અધિકારીને મોકલવાની રહેશે.

# ગોધરાના જાફરાબાદ સ્કુલ પાસે બે ઈસમો દ્વારા વિદ્યાર્થી સાથે કરેલ મારામારીમાં આખરે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા શહેરના જાફરાબાદ વિસ્તારમાં આવેલ શાળામાં વિદ્યાર્થીઓ સાથે બે ઈસમો દ્વારા કરાયેલ મારામારીના કિસ્સામાં આખરે એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે. પોલીસે સીસી ટીવી ફુટેજના આધારે બે ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે.પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા જાફરાબાદ વિસ્તારમાં આવેલ શ્રી સ્વામીનારાયણ ગાદી ઈન્ટરનેશનલ ટેક ગો સ્કુલમાં કનેલાવ વિસ્તારમાં રહેતા રોહિત




વિશનદાસ પહેલજાણીનો ૧૫ વર્ષીય પુત્ર રોશન સ્કુલમાં અભ્યાસ માટે ગયા હતા. અને બપોરના સમયે શાળા છુટીયા બાદ રોશને પિતાને ફોન કરીને જણાવેલ હતું કે, શાળામાં કેટલાક છોકરાએ રોકી રાખ્યો છે. ફોન ઉપર અપશબ્દો અને મારામારીના અવાજ આવતો હતો. જેથી પિતા રોહિત પહેલજાણીએ પત્ની રાજકુમારીને ફોન કરી સ્કુલમાં જવા કહ્યું હતું. સ્કુલમાં પહોંચ્યા બાદ ફોન કરીને જણાવેલ કે, રોશનને બે ઈસમોએ માર માર્યો છે અને હોસ્પિટલમાં લઈ જવ છું રોશનને બે અજાણ્યા ઈસમોએ માથા, મોઢા તેમજ ગુપ્તાંગના ભાગે ઈજાઓ થવા પામી છે. શાળાના સીસી ટીવી ચેક કરતાં બે ઈસમો રોશનને મારમારતાં જણાઈ આવ્યા હતા. જેના આધારે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે અજાણ્યા ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કાલોલ પગીની મુવાડી કરોલી ગામની યુવતીને ભગાડી જનાર યુવકનુ ઘર સળગાવાયુ

કાલોલ,

કાલોલ તાલુકાના કરોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ પગીની મુવાડી ગામના અર્જુનસિંહ સોમસિંહ સોલંકીનો છોકરો સંજય સોલંકીનો ઘોઘંબા પંથકના એક ગામની યુવતી સાથે પ્રેમ સંબંધ હોય પાછલા દિવસોમાં બંને પ્રેમી પંખીડા ભાગી જતા યુવતીના પરિવારજનો સંજયના ઘરે આવીને પોતાની યુવતીને શોધી આપવા માટે દબાણ કરતા હતા. જે મધ્યે ગત ૨૪/૦૩ને રવિારે સવારે યુવતીના પરિવારજનોએ સંજયના ઘરે આવીને તેમની છોકરી શોધી લાવવા જણાવ્યુ હતુ. ત્યારે સંજયના પિતાએ યુવતીને શોધીને પરત લાવી આપવાનુ પણ કહ્યુ હતુ. જેથી એ સમયે હોળીનો તહેવાર હોય બધા મોટરસાયકલો લઈને જતા રહ્યા હતા. પરંતુ રવિવારે સાંજે જયારે હોળીનો તહેવાર ઉજવણી મુજબ ગામના ઝાંપે હોળી પ્રગટાવતા ફળિયાના બધા માણસો હોળી ફરવા ગયેલા ત્યારે ફરિયાદી મહિલા એકલી પોતાના ઘરે હતી તે સમયે બે મોટરસાયકલો લઈને આવેલા યુવતીના પિતા સહિત ચાર લોકોએ યુવતીને ભગાડી જનારા સંજયના ઘરે આવીને ચારેય જણાએ એકદમ ગુસ્સામાં આવીને સંજયના ઘરની બાજુમાં પડેલ ઘાસના પુળા લઈ તેને દિવાસળીથી સળગાવી સંજયના ઘરની ઉપર નાંખી ચારેય જણાઓએ સંજયનુ ઘર સળગાવેલુ અને થોડીવારમાં આખુ ઘર સળગવા લાગેલ જેથી બુમાબુમ કરતા સંજયના પિતા આવી જતા ઘર સળગાવવા આવેલા ઈસમોએ અમારી છોકરી આપી દો, નહિ તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપીને ચારેય જણા તેમની મોટરસાયકલો લઈને ભાગી ગયા હતા. જે પછી ગામલોકો આવી જતાં પાણીની મોટરો ચાલુ કરી પાણી છાંટીને આગ બુઝાવી હત. આ આગની ઘટનામાં સંજય સોલંકીના ઘરમાં રાખેલ ઘર વખરીનો સામાન, ઘાસના પુળા, તેમજ ઘરમાં રાખેલા ૧૦ હજારની રોકડ સહિત અંદાજિત ૫૦ હજાર રૂપિયાનુ નુકસાન પહોંચ્યુ હતુ. આ અંગે વેજલપુર પોલીસે ઘર સળગાવી દેતા યુવતીના પિતા ગણપતભાઈ બીજલભાઈ પટેલ, નાનાભાઈ બીજલભાઈ પટેલ, કાળુભાઈ ફતાભાઈ પટેલ અને અલ્પેશભાઈ અર્જુનભાઈ પટેલ (ચારેય રહે.નિકોલા, તા.ઘોઘંબા)વિરુદ્ધ ગુનો નોંધી આગળ કાર્યવાહી હાથ ધરી હતી.

# શહેરામાં લોકસભા ચુંટણીને લઈ સરકારી વિનયન કોલેજ ખાતે મદદનિશ ચુંટણી અધિકારીની હાજરીમાં ટીમ દ્વારા સ્ટાફને તાલીમ અપાઈ

શહેરા,

શહેરામાં લોકસભાની સામાન્ય ચૂંટણીને લઈને વહીવટી તંત્ર સજ્જ બન્યુ છે. કાંકરી ખાતે આવેલી સરકારી વિનયન કોલેજ માં મદદનીશ ચૂંટણી અધિકારી પ્રણવ વિજયવર્ગીયની ઉપસ્થિતિમાં તજજ્ઞોની ટીમ દ્વારા ચુંટણીના દિવસે ૨૮૬મતદાન મથકમાં ફરજ બજાવનાર સ્ટાફને તાલીમ આપવામા આવી હતી.પંચમહાલમાં લોકસભાની સામાન્ય ચૂંટણી જાહેર થતા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામા આવી છે. લોકસભાની ચૂંટણી ૭મે ના રોજ યોજાનાર



હોવાથી શહેરા સરકારી વિનયન કોલેજ કાંકરી ખાતે ૨૮૬ મતદાન મથકમા ફરજ બજાવનાર સ્ટાફ કામગીરીથી વાકેફ થાય તે માટે બે દિવસ માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચૂંટણીલક્ષી તાલીમમાં ઊપસ્થિત મતદાન મથકના સ્ટાફને તજજ્ઞો દ્વારા તાલીમ દરમિયાન ઈવીએમ મશીન કઈ રીતે ઓપરેટ કરવું તે સહિત વૈધાનિક અને બિનવૈધાનિક બાબતોની સમજ આપીને ચાલુ મતદાન વખતે કરવામાં આવતી કામગીરી અંગેની સંપૂર્ણ સમજ આપવામા આવી હતી. મદદનીશ ચૂંટણી અધિકારી પ્રણવ વિજયવર્ગીય અને મામલતદાર ધર્મેન્દ્ર પટેલ દ્વારા લોકસભાની ચૂંટણીના દિવસે ફરજ બજાવનાર મતદાન મથક પરના સ્ટાફ ને માર્ગદર્શન સાથે જરૂરી સુચનાઓ પણ તેઓ દ્વારા આપવામાં આવી હતી. લોકસભાની ચૂંટણી ની રંગત જામી હોય ત્યારે ભાજપ દ્વારા રાજપાલસિંહ ને અને કોંગ્રેસ પક્ષ દ્વારા ગુલાબસિંહ ને ચૂંટણી મેદાનમાં ઉતારવા સાથે આ લોકસભાની બેઠક ઉપર ભાજપનો દબદબો રહેલો હોય ત્યારે કોંગ્રેસ પક્ષ આ વખતની ચૂંટણીમાં જીતવા માટે એડી ચોટીનું જોર લગાવે તો નવાઈ નહી.

# શહેરાના માતરીયા વ્યાસ ગામે આપઘાતની દુષ્પ્રેરણાના ગુનાના ૪ આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજુર કરતી કોર્ટ

શહેરા,

શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામે ફરિયાદી તથા મરણજનારને જમીનમાં ભાગ નહિ આપવા મરણજનારને ધમકી આપી ત્રાસ આપતા આપઘાત કરવાની દુષ્પ્રેરીત કરવાના ગુનાના ૪ આરોપીઓ દ્વારા ગોધરા કોર્ટમાં આગોતરા જામીન અરજી મુકવામાં આવી હતી. જેની સુનાવણી હાથ ધરતાં આગોતરા જામીન અરજી નામંજુર કરાઈ હતી.

શહેરા તાલુકાના માતરીયા વ્યાસ ગામે રહેતા આરોપીઓ શારદાબેન મગનભાઈ બાધરભાઈ બારીયા, મનિષાબેન મહેન્દ્રસિંહ બારીયા, કાળીબેન વખતસિંહ શંકરભાઈ બારીયા, વખતસિંહ શંકરભાઈ બારીયાએ ફરિયાદી તથા મરણજનારને જમીનમાં ભાગ નહિ આપવા બાબતે ફરિયાદી તથા મરણજનાર અને ફરિયાદીની માતા સાથે અવારનવાર ઝગડો કરી તેમજ મરણજનાર ચેતનાબેનને ધમકી આપી ત્રાસ આપી આપઘાત કરવા માટે દુષ્પ્રેરીત કરતાં ચેતનાબેન એ પોતાના ઘરમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. આ બાબતે શહેરા પોલીસ મથકે આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવા પ્રયાસ કર્યો હતો. ત્યારે આરોપીઓ દ્વારા આગોતરા જામીન અરજી નં.૧૮૧/૨૦૨૪ અને ૧૮૨/૨૦૨૪ અરજી ચોથા એડીશનલ ડીસ્ટ્રીકટ જજ પી.એ.માલવીયાની કોર્ટમાં દાખલ કરી હતી. તે આગોતરા જામીન અરજીની સુનાવણી હાથ ધરતાં સરકારી વકીલ રાકેશ એસ.ઠાકોર દ્વારા દલીલો રજુ કરતાં આરોપીઓની આગોતરા જામીન અરજી નામંજુર કરવામાં આવી.

# ગોધરા શહેરના ખાડી ફળીયા વિસ્તારમાં અસહ્ય ગંદકી હોવાના અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ પાલિકા દ્વારા તાબડતોબ નિકાલની વ્યવસ્થા કરવામાં આવી


ગોધરાના ખાડી ફળીયા, નાડીયાવાસમાં ગંદા પાણીના નિકાલના અભાવે ગંદકી અને કાદવ-કિચડની સ્થાનિકો પરેશાન


ગોધરા,

ગોધરાના ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ નાડીયાવાસમાં ગંદા પાણીનો નિકાલ ન થવાના કારણે ચારેકોર કાદવ કીચડ અને પાણીનો ભરાવો તથા લીલના થર જામી ગયા હતા. જેના કારણે ત્યાંના સ્થાનિક લોકો સહિત બાળકો હેરાન પરેશાન થઈ ગયા હતા અને રાત્રિ દરમિયાન મચ્છરોનો ઉપદ્રવના લીધે ડેન્ગ્યુ મેલેરિયા કોલેરા જેવા ભયગ્રસ્ત રોગ થવાની શકયતા વધવા પામી હતી. ત્યારે બીજી બાજુ આ વિસ્તારનાં સ્થાનીક લોકો આવનારી લોકસભા ચૂંટણીનો બહિષ્કાર કરવાના મૂડમાં હતા. જેનો અહેવાલ સમાચાર પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો અને આ બાબતની જાણ ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી થતા તાત્કાલિક ધોરણે નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત સેનેટરી ઈન્સ્પેકટરને સૂચનાઓ આપી અને ખાડી ફળિયા વિસ્તારમાં આવેલ નાડીયાવાસમાં ગંદા પાણીનો નિકાલ તાત્કાલિક ધોરણે કરવામાં આવે તે માટે સૂચનાઓ આપવામાં આવી હતી. જેની ગણતરીના કલાકોમાં ગોધરા નગરપાલિકાની ટીમ દ્વારા તા ૨૭ માર્ચ બુધવારે સવારે યુદ્ધના ધોરણે ગંદા પાણીના નિકાલ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવી.

# ગોધરાના હમીરપુર રોડ મેસરી નદીના પટમાંથી ૪૧૨ કિલો માંસનો જથ્થો ઝડપાયો

ગોધરા,

ગોધરા હમીરપુર રોડ પર આવેલ એમ.ઈ.ટી.સ્કુલ પાછળ મેસરી નદીના પટમાંથી ૪૧૨ કિલો માંસનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો

ગોધરા શહેરના હમીરપુર રોડ પર આવેલ એમ.ઈ.ટી.સ્કુલ પાછળથી પસાર થતી મેસરી નદીના પટમાં ઈરફાન સિરાજ બોકડા, તાહિર સિરાજ બોકડા, અને ઈકરામ સિકંદર ગીતેલી ગૌમાસ સગેવગે કરવાની પેરવીમાં છે જે ચોકકસ બાતમીના આધારે પોલીસે તા.૨૪ માર્ચે રાત્રે બે વાગ્યે છાપો માર્યો હતો. પોલીસને જોઈને ઈરફાન સિરાજ બોકડા, તાહિર સિરાજ બોકડા, ઈકરામ સિકંદર ગીતેલી અને સુફિયાન હુસેન વલીવાંકા નાસી છુટ્યા હતા. જે બાદ પોલીસે સ્થળ પર જઈને તપાસ કરતા તાડપત્રી પર માંસનો જથ્થો મળી આવ્યો હતો. જેથી વેટરનરી તબીબને જાણ કરતા વેટરનરી તબીબ દ્વારા માથુ અને પગના આધારે આ માસનો જથ્થો ગૌવંશનો હોવાનુ પ્રાથમિક તારણ કાઢ્યુ હતુ. ત્યારબાદ માંસના નમુના પરીક્ષણ અર્થે મોકલવામાં આવ્યા હતા. જયારે સ્થળ પરથી પોલીસ દ્વારા રૂ.૮૨,૪૦૦/-ની કિંમતનો ૪૧૨ કિલોગ્રામ માંસનો જથ્થો કબ્જે લેવાયો હતો.

# ગોધરા વ્હોરવાડ વિસ્તાર હુસેની મસ્જીદ વિસ્તારમાં સાફસફાઈ માટે પાલિકા પ્રમુખને રજુઆત

ગોધરા,

ગોધરા શહેરના વ્હોરવાડ વિસ્તારમાં આવેલી હુસૈની મસ્જીદની આસપાસ મચ્છરો તેમજ જીવજંતુઓના ઉપદ્રવને ડામવા અને યોગ્ય સાફ સફાઈ કરાવવા અંગે ગોધરા નગર પાલિકા પ્રમુખ ને સ્થાનિક વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી.

ગોધરા શહેર નગર પાલિકાના પ્રમુખને ગોધરા શહેરના વ્હોરવાડ વિસ્તારના સ્થાનિક વકીલ હસનૈન જે.પ્રેસવાલા એ રજૂઆત કરતા જણાવ્યં છે કે, શહેરના વ્હોરવાડ વિસ્તારમાં આવેલી હુસેની મસ્જિદ કે જે નદી કિનારે આવેલી છે. નદીમાં અસહ્ય ગંદકી અને સાફ સફાઈના અભાવે તેમજ કચરાનો ઢગલો મસ્જિદના પાછળના ભાગે હોવાથી માંખી, મચ્છર તેમજ અન્ય જીવ જંતુઓનો ઉપદ્રવ ખાસ્સો વધી ગયો છે. ત્યારે હાલ પવિત્ર રમજાન માસ ચાલુ હોય અત્રેની હુસેની મસ્જિદમાં સમાજના બિરાદરો નમાજ પઢવા તેમજ રાત્રીના સમયે રોઝા પૂર્ણ થાય ત્યારે રોઝા રાખનારાઓ માટે જમણવાર પણ રાખવામાં આવતા હોય છે. ત્યારે આવા સમયે માંખી મચ્છરજન્ય જીવજંતુઓ ભારે પરેશાન કરતા હોય છે. માટે હુસેની મસ્જિદના પાછળના ભાગે કચરાના ઢગલાંનો યોગ્ય નિકાલ કરવામાં આવે, અસરકારક દવાનો છંટકાવ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

# કાલોલ રામનાથ ગેસ બોટલ બ્લાસ્ટ : વધુ એક ૬૦ વર્ષીય વ્યકિતનું મોત થતાં મૃત્યુ આંક ૩ થયો

કાલોલ,

કાલોલ તાલુકાના રામનાથ ગામે ગેસના બોટલ બ્લાસ્ટ થવાની ઘટનામાં ૨૨ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. તે પૈકી ૮ ઈજાગ્રસ્તોને સારવાર માટે વડોદરા દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં બે વ્યક્તિના મોત નિપજાવા પામ્યા હતા. ત્યારે ગેસ બોટલ બ્લાસ્ટમાં વડોદરા સારવાર લઈ રહેલા ૬૦ વર્ષીય વ્યક્તિનું મોત થતાં ગેસ



બોટલ બ્લાસ્ટમાં મૃત્યુઆંક ૩ થવા પામ્યો છે.કાલોલ તાલુકાના રામનાથા ગામે રાવળ ફળીયામાં ગેસ બોટલ બ્લાસ્ટ થવાની ગોઝારી ઘટનામાં ૨૨ લોકો ગંભીર રીતે દાઝી જવા પામ્યા હતા. તમામને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તે પૈકી ૮ ગંભીર રીતે દાઝેલ વ્યકિતઓને વડોદરા એસ.એસ.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. વડોદરા સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લાલાભાઈ દામજીભાઈ પરમાર ઉ.વ.૪૫, વિષ્ણુભાઈ અરવિંદભાઈ ઓડ ઉ.વ.૨૨નું મોત નિપજાવા પામ્યા હતા. ત્યારે વડોદરા સારવાર હેઠળના દર્દીઓમાં જયંતિભાઈ પૂજાભાઈ રાવળ ઉ.વ.૬૦નું પણ સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું છે.રામનાથ ગામે ગેસ બોટલ બ્લાસ્ટમાં દાઝેલ અને ગોધરા સિવિલમાં સારવાર માટે દાખલ કરેલ ૧૪ ઈજાગ્રસ્તો પૈકી ૧૨ ઈજાગ્રસ્તોની હાલત સુધારતા રજા આપવામાં આવી છે.

# મોરવા(હ) ગામે ચાડીયાના મેળામાં બે ફળીયાના લોકો વચ્ચે થયેલ મારામારીમાં ફરિયાદ નોંધાઈ

મોરવા(હ),

મોરવા હડફ ખાતે હોળી ફળિયામાં ચાડીયા નાં મેળા ની ઉજવણી કરવામાં આવી હતી. જે મેળામાં મોરવા હડફ ગામના જ બે ફળીયાના લોકો વચ્ચે હથિયારો લઈ રમવાની બાબતે મારામારી થવા પામી હતી. સમગ્ર મામલો મોરવા હડફ પોલીસ મથકે પહોંચ્યો. પોલીસે ફરિયાદ નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.મોરવા હડફ ગામના દાંતિયા ફળિયા ખાતે રહેતા દલપત સિંહ બારીઆ એ મોરવા હડફ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા જણાવ્યું હતું કે, તા.૨૬ માર્ચના રોજ મોરવા હડફ ગામના હોળી ફળિયામાં ચાડીયાનો મેળો યોજાયો હતો. તેમાં તેઓ તેમજ અન્ય લોકો મેળામાં ગયા હતા. તે વખતે ગામના જ પંકજભાઈ આરતભાઈ, હસમુખભાઈ લક્ષ્મણભાઈ, નીતિન આરતભાઈ, મનોજ આરતભાઈ, લક્ષ્મણ મલાભાઈ અને આરતભાઈ મલાભાઈ તમામ રહે.મોરવાહડફ.જેઓ મેળામાં હાથમાં લાકડીઓ અને ધારિયું લઈ રમતા હતા.જેથી ફરિયાદી એ આ તમામને જણાવ્યું હતું કે, મેળામાં હાથમાં લાકડીઓ અને ધારિયું લઈ રમો નથી કોઈકને વાગી જશે. તેમ કહેતા તમામ આરોપીઓ ફરિયાદી તેમજ અન્યો ઉપર એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડીઓ વડે તેમજ છૂટા પત્થરો મારી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ બીભત્સ શબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરાયો હતો. જેથી મોરવા હડફ પોલીસે આ મામલે ગુન્હો નોધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# હાલોલ-કાલોલ વિસ્તાર માંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં લાંબા સમયથી પડેલ ગાબડા યથાવત

હાલોલ,

હાલોલ-કાલોલ તાલુકા વિસ્તાર માંથી પસાર થતી નર્મદા મુખ્ય કેનાલમાં બાકરોલ-શક્તિપુરા વચ્ચે કેનાલનાં વહેતા પાણીનાં પ્રવાહની સાઈટમાં ગણા લાંબા સમયથી ગાબડાંઓ સર્જાતા ભયનો માહોલ. ધોવાણ અંગે નર્મદા નિગમ તંત્ર દ્વારા અસરકારક સમારકામ કરવાની લાપરવાહીને પગલે ધોવાણ વધતા સાઈટ તૂટીને મસ્ત મોટાં ગાબડાંઓનાં દ્રશ્યો જોવા મળે છે. પંચમહાલ જિલ્લાના હાલોલ-કાલોલ તાલુકા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા મેઈન કેનાલનાં શક્તિપુરા-બાકરોલ વચ્ચેની આઈપી સાઈટ ૧૦૫ સીઆર પાસે ગણા લાબા સમયથી પાણીનાં વેહતા પ્રવાહની ઝાલકો થી પાસ-પાસેનાં અંતરમાં ત્રણ અલગ-અલગ જગ્યાએ સાઈટનું ધોવાણ



થતાં સીસી સાઈટ તૂટીને જતાં મસ્ત મોટાં ગાંબડાઓનાં અહેવાલો પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યાં હતા. પરંતુ હજુસુધી કોઈ પણ પ્રકારની કામગીરી હાથ ધરવામાં આવી નથી. જેના કારણે આજે પણ મસ્ત મોટા ગાબડાંના દ્રશ્યો નજરે નિહાળી શકાય છે. નર્મદાના વેહતાં પ્રવાહની બંને સાઈડ ઉપર ડામર રોડ બનાવવાતાં રાત-દિવસ એનેક મુસાફરો આ માર્ગ પરથી પસાર થતા હોય છે. તેમ છતાં જવાબદાર નર્મદા નિગમ તંત્ર દ્વારા સાઈટના નુકસાન અંગે અસરકારક સમારકામ કરવાની જગ્યાએ લાપરવાહી દાખવીને માત્ર રેતી ભરેલી થેલીઓ મૂકીને કામચલાઉ સંતોષ માન્યો છે. જે હલકી કક્ષાના સમારકામની બેદરકારીને કારણે અવાર-નવાર નર્મદા કેનાલમાં ગાબડાં જોવા મળતાં હોય છે અને જવાબદાર નર્મદાના નિગમના તંત્રનું ધ્યાન દોરતાં સમારકામ કરી તેમની ફરજ બજાવતા હોય છે હાલ ગણા લાબા સમયથી નર્મદા કેનાલમાં પાસપાસે સર્જાયેલા ત્રણ મોટાંગાબડાંઓ આવનાર સમયમાં પાણીનાં વધતા પ્રવાહથી અકસ્માત સર્જાય તે પહેલાં તેનું જવાબદાર નર્મદાના નિગમના તંત્ર દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવે તેવી લોકબુમ ઉઠવા પામી છે સમય સર જો નર્મદાના ગાબડાં પૂરવામાં આવે તો આસપાસના ખેડૂતોને પણ કોઈ પણ પ્રકારનું નુકસાન થવાની શક્યતા રહેતી નથી.જે નર્મદા કેનાલ સમગ્ર ગુજરાતની જીવાદેરી સમાન હોય કેનાલની દેખરેખ માટે નર્મદા નિગમ તંત્ર દ્વારા નિર્ધારિત વિસ્તાર સંલગ્ન ૨૪ કલાક પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે.તેમ છતાં પેટ્રોલિંગ સ્ટાફને મુખ્ય કેનાલની સાઈટને પહોંચેલું નુકસાનનું સમારકામ કરવામાં કોઈ રસ નથી ? કે પછી તંત્ર દ્વારા જાણીબુજી " આંખ આડા કાળા કાન" કરવામાં આવી રહ્યા છે ? તાજેતરમાં થોડા દિવસ પહેલાં નર્મદા કેનાલમાં વધુ પાણીનો પ્રવાહ વહેતો કરવામાં આવ્યો હતો. જેથી જવાબદાર તંત્રની આંખો નહીં ખુલતા આગામી દિવસોમાં સાઈટનું નુકસાન વધારે વકરે અને સાઈટની ઉપર આવેલા રોડને પણ નુકસાન પહોંચાડે તો રોજીંદા રોડ પરથી પસાર થતા કોઈ વાહનચાલકો માટે અકસ્માતનો ભોગ બને તે પહેલાં તંત્ર દ્વારા નુકસાન પામેલ સાઈટોનું અસરકારક સમારકામ સત્વરે કરાવે તેવી માગ ઉઠી છે.

# ગોધરા શહેરના દાહોદ રોડ પર પૂરપાટ જતી બાઈક આડે કૂતરૂં આવી જતા બાઈકચાલક હોમગાર્ડ જવાન ઈજાગ્રસ્ત થયો હતો

ગોધરા,

ગોધરા તાલુકાના ઓરવાડા ગામે આવેલ નંદાપૂરા ઈન્દિરા કોલોનીમાં રહેતા પ્રહલાદ શિવરામભાઈ વણઝારા હોમગાર્ડ જવાન તરીકે ફરજ બજાવે છે. ગત ૧૯ માર્ચે રાત્રીના દસ વાગ્યાના સુમારે તેઓ પોતાની ફરજ પૂર્ણ કરીને બાઈક લઈને પોતાના ઘરે જઈ રહ્યા હતા. પૂરપાટ બાઈક લઈને પ્રહલાદ વણઝારા ગોધરા દાહોદ હાઈવે પરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે અચાનક જ બાઈક આડે કૂતરૂં આવી ગયું હતું. જેને લઈને અચાનક બ્રેક મારતાં બાઈક સ્લીપ ખાઈ ગઈ હતી. બાઈક પરથી ફંગોળાયેલા પ્રહલાદ વણઝારાને પગના ભાગે ફ્રેકચર થયું હતું. સમગ્ર ઘટનાને લઈને તા ૨૬ માર્ચ મંગળવારે બપોરે ચાર કલાકે ગોધરા શહેર એ ડિવિઝન પોલીસમથકે અકસ્માત થયાની ફરિયાદ નોંધાવા પામી છે.